RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 25-08-2026 I VOL : 12 I Issue : 160 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સારા કર્મો સૌથી મોટી સંપત્તિ છે. નિષ્ફળતા સફળતાની સીડી છે. ”

3  મહારાષ્ટ્રના અમરાવતીમાં હોસ્પિટલના ચાઈલ્ડ યુનિટમાં આગ:3 નવજાત શિશુઓનાં...

4  ભાવનગરનો લઠ્ઠાકાંડ: તંત્રને મલાઈમાં રસ, લોકો તો મર્યા કરે

6  મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026: કેરળની કેઝિયા લિઝ મેજોએ જીત્યો તાજ

7  ભારત પહેલાં ઢાકામાં ટ્રેનિંગ કરી શકે છે બ્રાઝિલ

## ડુંગળીના ભાવ વધતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

# ખાંડ પછી હવે ડુંગળીના ભાવ વધતાં પ્રજા ત્રાહિમામ

### દેશમાં ડુંગળીનો ભાવ 42 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો છે, કેન્દ્ર સરકારે ભાવ નિયંત્રણ માટે બફર સ્ટોક માર્કેટમાં ઉતારવાનું નક્કી કર્યું

નવી દિલ્હી

ખાંડ બાદ હવે ડુંગળીની વધતી કિંમતે ગૃહિણીઓનું બજેટ ખોરવી નાંખ્યું છે. દેશમાં ડુંગળીનો ભાવ 42 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. જે ગયા વર્ષના ભાવ કરતાં અંદાજે 45 ટકા વધુ છે. કેટલાક શહેરમાં તેના કરતાં પણ વધારે ભાવ છે. એવામાં કેન્દ્ર સરકારે બફર સ્ટોક માર્કેટમાં ઉતારવાનું નક્કી કર્યું છે. સરકાર સોમવારે નાસિકથી દિલ્હી, ચેન્નાઈ, કોચી અને ગુવાહાટી માટે 'કાંદા એક્સપ્રેસ' ચલાવશે. આ શહેરોમાં ડુંગળીનો ભાવ ખૂબ જ વધારે છે. સરકાર જરૂરી ડુંગળી પહોંચાડીને કિંમતો પર લગામ રાખવાનો પ્રયત્ન કરે છે. દિલ્હીમાં ડુંગળી 65 રૂપિયા કિલો, ચેન્નાઈમાં 58 રૂપિયા. ગ્રાહક મંત્રાલય વિભાગના આંકડા પ્રમાણે, દિલ્હીમાં શનિવારે ડુંગળીનો ભાવ 65 રૂપિયા પ્રતિ કિલો રહ્યો છે. એક વર્ષ પહેલા આ જ સમયે ડુંગળી 35 રૂપિયા કિલોના ભાવે વેચાતી હતી. એટલે કે દિલ્હીમાં લગભગ ડબલ ભાવ થઈ ગયો છે. ચેન્નાઈમાં પણ ભાવ 58 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો છે. જ્યારે ગયા વર્ષે અહીં 33 રૂપિયા કિલો ભાવ હતો. કેરળ અને આસામના કેટલાક વિસ્તારમાં પણ ડુંગળીનો ભાવ આસમાને પહોંચ્યો છે. સરકારી અધિકારીઓનું કહેવું છે કે, બફર સ્ટોકમાંથી ડુંગળીનું વેચાણ મોટા પ્રમાણમાં નહીં કરવામાં આવે. બજારની સ્થિતિ જોઈને તબક્કાવાર રીતે સપ્લાય વધારવામાં આવશે. સરકારને આશંકા છે કે, કેટલાક વેપારીઓ જાણીજોઈને કૃત્રિમ રીતે ભાવ વધારવાની કોશિશ કરી રહ્યા છે.


### ડુંગળીના ભાવ કેમ વધ્યાં?

ડુંગળીની કિંમતોમાં વધારાનું એક મુખ્ય કારણ એ છે કે, મહારાષ્ટ્રમાં ખરીફ ડુંગળીના ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે. મહારાષ્ટ્ર દેશનું સૌથી વધુ ડુંગળી પકવતું રાજ્ય છે. બજારમાં જોડાયેલા કેટલાક લોકોના જણાવ્યા પ્રમાણે, અહીં ખરીફ ડુંગળીનું ઉત્પાદન અંદાજે 5થી 7 ટકા જેટલું ઓછું થયું છે. જો કે, સરકારનું કહેવું છે કે, આગામી મહિનાઓમાં માગ પૂરી કરવા માટે ડુંગળીનો સ્ટોક હાજર છે. ખેડૂતો અને સરકારી ભંડાર બંને જગ્યાએ સ્ટોક હાજર છે.



## એક નજર...

### તૃપ્તિ ડિમરીએ કેમેરા સામે ફ્લોન્ટ કર્યો ફીગર



તૃપ્તિ ડિમરીએ ફિલ્મ 'લૈલા મજનૂ'થી પોતાના અભિનયની શરૂઆત કરી હતી અને આ ફિલ્મમાં તેમના અભિનયની નોંધ લેવાઈ હતી. 'બુલબુલ' અને 'કલા' જેવી ફિલ્મોમાં તૃપ્તિએ પોતાના અલગ અંદાજ અને દમદાર અભિનયથી દર્શકો અને ફિલ્મ સમીક્ષકોનું ધ્યાન ખેંચ્યું હતું. તૃપ્તિ ડિમરીની સાદગી, ગ્લેમરસ લુક અને ફેશન સેન્સને કારણે તેઓ સોશિયલ મીડિયા પર પણ સતત ચર્ચામાં રહે છે.

## NEWS TRACK

### ગિનીમાં કચરાનો પહાડ ધસી પડ્યો, 30ના મોત:6 લોકો ઘાયલ; વરસાદ બાદ બચાવ અભિયાન

ગિનીની રાજધાની કોનાક્રીમાં વહેલી સવારે શહેરના સૌથી મોટા લેન્ડફિલમાં કચરાનો પહાડ ધસી પડ્યો. આ દુર્ઘટનામાં 30 લોકોના મોત થયા છે. લેન્ડફિલ એવી જગ્યા હોય છે જ્યાં શહેરનો કચરો એકઠો કરીને જમા કરવામાં આવે છે અથવા ડમ્પ કરવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું કે રવિવારે સવારે લગભગ 2 વાગ્યે શરૂ થયેલા ભારે વરસાદ પછી કચરા ઉપરથી પાણી વહેવા લાગ્યું. જેના કારણે ભૂસ્ખલન થયું અને નજીકની ઝૂંપડીઓ કાટમાળ નીચે દબાઈ ગઈ. આ દુર્ઘટનામાં છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને ઘણા ઘરો તબાહ થઈ ગયા છે. કાટમાળ નીચે દટાયેલા લોકોને શોધવા માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. આ અકસ્માત દાર એસ સલામના ખુલ્લા કચરાના ડમ્પમાં થયો હતો, જે કોનાક્રીનો સૌથી મોટો લેન્ડફિલ છે. સૈન્ય એન્જિનિયરિંગ બટાલિયનના સફાઈ અધિકારી લેફ્ટનન્ટ કર્નલ બાલ્ડ મામાડો બૈલોના જણાવ્યા અનુસાર, આ જગ્યાને રવિવારે બંધ કરવાની હતી. લેન્ડફિલની આસપાસ રહેતા લોકોને જગ્યા ખાલી કરવા માટે નોટિસ આપવામાં આવી હતી.

### ઈરાન હોર્મુઝમાં જહાજો પાસેથી ટોલ વસૂલશે, સંસદની મંજૂરી: રિયાલ અને પસંદગીની કરન્સીમાં પેમેન્ટ લેશે

ઈરાનની સંસદે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ એટલે કે ફી લેવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ઈરાનની મેહર ન્યૂઝ એજન્સી અનુસાર, જે દેશોના જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની મંજૂરી હશે, તેમની પાસેથી દરિયાઈ સેવાઓના બદલામાં શુલ્ક લેવામાં આવશે. ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના પ્રવક્તા હસન કાશકવી અનુસાર, ફીના બદલામાં દરિયાઈ સેવાઓ, સુરક્ષા અને વીમા જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, પર્યાવરણ સંબંધિત સેવાઓ અને ખાસ પરિસ્થિતિઓમાં ઈંધણ પણ આપવામાં આવશે. ચુકવણી ઈરાની રિયાલ અથવા ઈરાનની પસંદગીની અન્ય કોઈ કરન્સીમાં કરી શકાશે. અમેરિકી નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર હવે ઈરાન સામે આર્થિક યુદ્ધના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. બેસેન્ટના મતે, અમેરિકાનો હેતુ ઈરાનની કમાણીના મોટા માર્ગો બંધ કરવાનો છે. બેસેન્ટે કહ્યું કે અમેરિકા ઈરાન પર દબાણ વધારવા માટે તેની તમામ સરકારી એજન્સીઓ અને અધિકારોનો ઉપયોગ કરશે.

### 3 મફત LPG સિલિન્ડર, ટ્રાન્સજેન્ડર્સ માટે મફત બસ મુસાફરી... તમિલનાડુના મુખ્યમંત્રી વિજયની ભેટ

ચેન્નાઈ

તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયે સોમવારે ગરીબ પરિવારો માટે વાર્ષિક 3 એલપીજી સિલિન્ડર મફત આપવાની તેમજ ટ્રાન્સજેન્ડરો માટે મફત બસ મુસાફરી અને મહિલાઓ માટેની મફત બસ સેવાનો વ્યાપ વધારવાની જાહેરાત કરી છે. તમિલનાડુ વિધાનસભામાં આ યોજનાઓની જાહેરાત કરતાં તેમણે જણાવ્યું કે 'તમિલનાડુના રૂ. 2.5 લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને વર્ષે 3 કુકિંગ ગેસ સિલિન્ડર ફ્રી અપાશે. 'અન્નપૂરણી સુપર સિક્સ' નામના આ પ્રોજેક્ટનો પ્રારંભ પોંગલ 2027થી કરાશે. આ નિર્ણયથી આશરે 1.30 કરોડ પરિવારોને લાભ મળશે.' આ યોજના હેઠળ લાભાર્થીઓ જે 3 સિલિન્ડર ખરીદશે તેની રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા કરાશે. જો કે, આ યોજનાથી તમિલનાડુ પર વાર્ષિક આશરે રૂ. 4,000 કરોડનું વધારાનું ભારણ આવશે.

### બૅન્કમાં મોટા પાયે હડતાળની તૈયારી




યુનાઈટેડ ફોરમ ઑફ બૅંક યુનિયન્સ(UFBU) દ્વારા 5-દિવસીય બૅંકિંગ અને PLI સ્કીમમાં સુધારાની માંગ સાથે સપ્ટેમ્બરમાં બેંકોમાં દેશવ્યાપી હડતાળની જાહેરાત કરાઈ છે. 11 સપ્ટેમ્બરે 1 દિવસ, ત્યારબાદ 28, 29, 30 સપ્ટેમ્બરે 3 દિવસ હડતાળ રહેશે. જો માંગણીઓ નહીં સંતોષાય તો 26 ઑક્ટોબરથી અનિશ્ચિતકાળની હડતાળ થશે, જે બૅંકિંગ સેવાઓને ગંભીર અસર કરશે. ગ્રાહકોને અગવડ ન પડે તે માટે કામ વહેલા પતાવવા વિનંતી.

### જ્યાં પાઈપલાઈનની સુવિધા હોય ત્યાં PNG કનેક્શન લેવું ફરજિયાત, LPG ગ્રાહકો માટે સરકારનો મોટો આદેશ

નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત યુદ્ધની સ્થિતિ સર્જાતા દુનિયા પર ક્રૂડ ઓઈલનું સંકટ તોળાઈ રહ્યું છે. આવા સમયે કેન્દ્ર સરકારે ફરીથી દેશભરમાં પીએનજી કનેક્શનના પ્રસાર પર ભાર મૂક્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે શહેરોમાં પીએનજી પાઈપલાઈનની સુવિધા હોય તેવી જગ્યાઓ પર એલપીજીના બાટલા આપવાનું બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ અભિયાન સાથે સરકારે સ્પષ્ટ કર્યું છે કે પીએનજીની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં લોકોએ ફરજિયાત આ કનેક્શન લેવું પડશે. શહેરોમાં જ્યાં પણ પીએનજી કનેક્શન ઉપલબ્ધ હોય છતાં કનેક્શન ના લીધું હોય તેમને નોટિસ પાઠવાશે અને તેમનું એલપીજી કનેક્શન રદ કરશે. પેટ્રોલિયમ મંત્રાલયે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તંત્રને આદેશ આપ્યો છે કે એલપીજી સિલિન્ડરની જગ્યાએ પીએનજીના ઉપયોગને ઝડપથી પ્રોત્સાહન આપો, જેથી એલપીજીનો સપ્લાય ઘટાડી શકાય.

### દેશમાં વન નેશન વન ઈલેક્શન મુદ્દે કવાયત તેજ, વર્ષ 2029માં જ લાગુ થાય તેવી શક્યતા

**ધારણના 129માં સુધારા અંગે જેપીસી દ્વારા વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. જેમાં સત્તાધારી પક્ષ ઉપરાંત વિપક્ષ નેતાઓ પણ સામેલ થઇ રહ્યા છે.**

નવી દિલ્હી

નવી દિલ્હી: ભારતમાં વન નેશન વન ઈલેક્શન બિલ મુદ્દે કવાયત તેજ કરવામાં આવી છે. બંધારણના 129માં સુધારા અંગે જેપીસી દ્વારા વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. જેમાં સત્તાધારી પક્ષ ઉપરાંત વિપક્ષ નેતાઓ પણ સામેલ થઈ રહ્યા છે. પ્રિયંકા ગાંધી અને સુપ્રિયા સુલેએ બેઠકમાં ભાગ લીધો આ બિલ અંગે સોમવારે JPCના અધ્યક્ષ પીપી ચૌધરીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. જેમાં કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે હાજરી આપી હતી. તેમજ ટીએમસી સાંસદ સાગરિકા ઘોષ અને એનસીપી (શરદ પવાર) સાંસદ સુપ્રિયા સુલેએ પણ બેઠકમાં ભાગ લીધો હતો. વિપક્ષ દ્વારા વિરોધ જોકે, વિપક્ષ વન નેશન વન ઈલેક્શન બિલનો વિરોધ કરી રહ્યો છે. આ બેઠક બાદ જેપીસીના અધ્યક્ષ પીપી ચૌધરીએ જણાવ્યું હતું કે મોટાભાગના પક્ષો એક સાથે ચૂંટણીના પક્ષમાં છે. તેમણે ઉમેર્યું હતું કે પી. ચિદમ્બરમે પણ બેઠક દરમિયાન પોતાના પક્ષનું વલણ રજૂ કર્યું હતું. વન નેશન વન ઈલેક્શન બિલ વર્ષ 2029 લાગુ થઈ શકે આ દરમિયાન એક અહેવાલ બહાર આવ્યો છે જેમાં જણાવાયું છે કે, વન નેશન વન ઈલેક્શન બિલ વર્ષ 2034 ને બદલે 2029 માં લાગુ કરી શકાય છે. એટલે કે એ થાય કે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ 2029 માં એકસાથે યોજાઈ શકે છે.



### રશિયન રાષ્ટ્રપતિ પુતિન સપ્ટેમ્બરમાં ભારત આવી શકે છે

નવી દિલ્હી

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 12-13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી BRICS સમિટમાં ભાગ લઈ શકે છે. સોમવારે મોસ્કોમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની મુલાકાત દરમિયાન પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જલ્દી મુલાકાત કરવાની આશા વ્યક્ત કરી હતી. બંને નેતાઓએ ભારત-રશિયાના સંબંધો અને પરસ્પર સહયોગ અંગે પણ ચર્ચા કરી હતી. જયશંકર રવિવારે મોસ્કો પહોંચ્યા હતા. તેઓ રશિયાના બે દિવસના પ્રવાસે છે. જયશંકરે પુતિનને કહ્યું કે પીએમ મોદી BRICS સમિટ માટે પુતિનનું ભારતમાં સ્વાગત કરશે. બંને નેતાઓની વાર્ષિક બેઠક પણ જલ્દી યોજાશે. તેમણે જણાવ્યું કે પીએમ મોદી કિર્ગીસ્તાનમાં યોજાનારી SCO સમિટમાં તેમને મળવાની રાહ જોઈ રહ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે આ વર્ષે રશિયા અને ભારત વચ્ચે વેપાર વધ્યો છે.

# યુવાનો સાથે સરકારે વિશ્વાસઘાત કર્યો, ફરી આંદોલન કરીશું : સીજેપી

### જંતર મંતર પર શિક્ષણ સુધારા માટે થયેલું યુવા આંદોલન ફરી શરૂ કરવાની કોકરોચ જનતા પાર્ટીએ ચીમકી ઉચ્ચારી

નવી દિલ્હી

દિલ્હીના જંતર મંતર પર યુવાનો દ્વારા શિક્ષણમાં સુધારા માટે મોટું આંદોલન ચલાવવામાં આવ્યું હતું, જેને પાછુ લેવા માટે કેન્દ્ર સરકારે જે શરતો સ્વીકારી હતી તે હજુસુધી પુરી ના થઈ હોવાથી હવે ફરી આ આંદોલન શરૂ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. કોકરોચ જનતા પાર્ટીએ જાહેર કર્યું છે કે તે કેન્દ્ર સરકારની સામે ફરી આંદોલન કરવા જઈ રહી છે. કોકરોચ જનતા પાર્ટીએ એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે અમે ફરી રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ. આ દેશના યુવાનોને કેન્દ્ર સરકાર દ્વારા સારા વચનો આપવામાં આવ્યા હતા તેથી અમે સારા ઈરાદાથી આ આંદોલનને પાછું લીધુ હતું. જોકે સરકારે અત્યાર સુધી ક્યા ક્યા વચનો પૂર્ણ કર્યા તેને લઈને કોઈ જ વાતચીત નથી કરી. સોમવારે એક મહત્વની બેઠક યોજવા જઈ રહ્યા છીએ. જેમાં આગામી રણનીતિ તૈયાર કરવામાં આવશે.



આંદોલન સમયે વિદ્યાર્થીઓ, યુવાનો સામે દેશભરમાં નોંધાયેલી એફઆઈઆરની વિગતો, યાદી વગેરે માહિતી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી માગી હતી. કોર્ટ દ્વારા વારંવાર યાદી માગવામાં આવી હોવા છતા સરકાર દ્વારા કોઈ જ યોગ્ય જવાબ નથી અપાયો. સીજેપીએ કહ્યું હતું કે કોર્ટની સુનાવણી બાદ અમારા પ્રવક્તા સૌરવ દાસ અને લીગલ હેડ રત્નાસિંહે સ્પષ્ટ કહ્યું હતું કે સરકાર દેશના યુવાનો સાથે છેતરપિંડી કરી રહી, વિશ્વાસઘાત કર્યો છે. સરકારે આંદોલનકારીઓ સામેની એફઆઈઆર રદ કરવાનું વચન પણ આપ્યું હતું.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

### વેન્ટિલેટરમાં ધડાકાને કારણે દુર્ઘટના બની

# મહારાષ્ટ્રના અમરાવતીમાં હોસ્પિટલના ચાઈલ્ડ યુનિટમાં આગ : 3 નવજાત શિશુઓનાં મોત થયા

## બે દિવસ પહેલા મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લા હોસ્પિટલના NICUમાં પણ આવી જ ઘટના બની હતી




**અમરાવતી**

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લા મહિલા હોસ્પિટલના નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટ (NICU)માં સોમવારે સવારે લગભગ 3:30 વાગ્યે આગ લાગી. આ દુર્ઘટનામાં 3 નવજાત બાળકોનાં મોત થયા. છ બાળકોને વધુ સારી સારવાર માટે સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

પ્રાથમિક માહિતી અનુસાર, હોસ્પિટલના ત્રીજા માળે વેન્ટિલેટરમાં વિસ્ફોટ થયા બાદ આગ લાગી. ત્યારબાદ ધુમાડો ફેલાઈ ગયો. તે સમયે NICUમાં 39 નવજાત બાળકોની સારવાર ચાલી રહી હતી. આગ લાગતા જ ડ્યુટી પર હાજર ડોકટરો, નર્સો અને હોસ્પિટલના કર્મચારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી અને ઘણા બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યા. આગ લાગવાનું કારણ તપાસવામાં આવી રહ્યું છે. બે દિવસ પહેલા મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લા હોસ્પિટલના NICUમાં પણ આવી જ ઘટના બની હતી. શનિવારે મોડી રાત્રે લગભગ 2 વાગ્યે વોર્મર મશીનના ફિલામેન્ટમાંથી નીકળેલી ચિનગારી બાદ આગ લાગી હતી. આ અકસ્માતમાં 3 નવજાત શિશુ દાઝી ગયા હતા. હોસ્પિટલ સ્ટાફે ફાયર ફાઈટિંગ ઉપકરણોની મદદથી આગ બુઝાવી અને ત્રણેય બાળકોને પ્રાથમિક સારવાર આપી. આ પછી ત્રણેય નવજાત શિશુઓને વધુ સારી સારવાર માટે જબલપુર રિફર કરવામાં આવ્યા હતા. તેમાંથી એક બાળકની હાલત ગંભીર હતી અને તેને સર્જરીની જરૂર હતી.

છિંદવાડામાં પીડિયાટ્રિક સર્જન ઉપલબ્ધ ન હોવાને કારણે તેને જબલપુર લઈ જવામાં આવ્યો, પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું. આમાંથી એક બાળકનો જન્મ અકસ્માત પહેલાં થોડા કલાકો પહેલાં જ થયો હતો. ઘટના બાદ હોસ્પિટલ પ્રશાસને આગ લાગવાના કારણોની તપાસ શરૂ કરી.

## 200 કાવડિયાના ગ્રુપમાં ઘૂસી સ્કોર્પિયો, 26ને કચડ્યા

### ઈન્દોર નજીક ટોળાએ કારમાં આગ લગાડી; ડ્રાઈવરનો પીછો કરીને પકડ્યો

**પીથમપુર**

ઈન્દોર નજીક પીથમપુરમાં સોમવારે બપોરે એક ઝડપી સ્કોર્પિયો 200થી વધુ કાવડિયાઓના ગ્રુપમાં ઘૂસી ગઈ. આ અકસ્માતમાં 26 કાવડિયાઓ ઘાયલ થયા છે. ઘટના બાદ ગુસ્સે ભરાયેલી ભીડે સ્કોર્પિયોને આગ લગાડી દીધી. ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી ગયો, પરંતુ લોકોએ પીછો કરીને તેને પકડી લીધો. 3 ઘાયલોને વધુ સારી સારવાર માટે ઈન્દોર રિફર કરવામાં આવ્યા છે.



આ ઘટના બપોરે લગભગ 3:30 વાગ્યાની છે. વિજય શ્રી હનુમાન કાવડ યાત્રા બોકેશ્વરથી ઈન્દિરામા તરફ જઈ રહી હતી. આ દરમિયાન પાછળથી આવેલી એક ઝડપી સ્કોર્પિયો શ્રદ્ધાળુઓને કચડતી નીકળી ગઈ. ટક્કર બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ.

યાત્રા સાથે પોલીસ દળ પણ ચાલી રહ્યું હતું. અકસ્માત પછી તરત જ પોલીસ અને સ્થાનિક લોકોએ ઘાયલોને એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો દ્વારા સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા. અહીં ઘાયલોની સારવાર ચાલી રહી છે.

## અર્ધસૈન્ય દળના નિવૃત્ત જવાનો જંતર મંતર પર ભૂખ હડતાળ કરશે

### ઓલ એક્સ પેરામિલિટરી ફોર્સ વેલફેર એસોસિએશનના બેનર હેઠળ વિરોધ; ગૃહમંત્રીને પત્ર લખ્યા છતાં યોગ્ય જવાબ ન મળ્યાનો આક્ષેપ

**નવી દિલ્હી**

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો જેમ કે સીઆરપીએફ, સીઆઈએસએફ વગેરેના નિવૃત્ત જવાનો દિલ્હીના જંતર મંતર પર ભૂખ હડતાળ પર ઉતરવાના છે. આ તમામ દળો માટે લાગુ કરાયેલ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ ૨૦૨૬ને લઈને આ વિરોધ જોવા મળી રહ્યો છે.




કેન્દ્રીય દળોના જવાનો જુની પેંશન સ્કીમ ઓપીએસની વ્યવસ્થાને ફરી લાગુ કરવાની માગણી કરી રહ્યા છે. સાથે જ ડેપ્યુટેશન પર આવી રહેલા આઈપીએસ અધિકારીઓના વધી રહેલા વર્ચસ્વની પણ વિરુદ્ધમાં તેઓ છે. આ વિરોધ પ્રદર્શનો ઓલ એક્સ પેરામિલિટરી ફોર્સ વેલફેર એસોસિએશનના બેનર હેઠળ આયોજીત કરવામાં આવી રહ્યા છે.

આ સંગઠનના સચિવ રણબીરસિંહે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર લાંબા સમયથી અમારી માગણીઓ પર ધ્યાન નથી આપી રહી. હવે જો સરકાર અમારી માગણીઓ નહીં સાંભળે તો ૧૨મી નવેમ્બરથી દિલ્હીના જંતર મંતર પર ભૂખ હડતાળ કરીશું. ગૃહમંત્રી અમિત શાહને લખેલા પત્રમાં પણ આ કાયદાને રદ કરવાની માગણી કરવામાં આવી હતી. જોકે સરકાર તરફથી કોઈ જ યોગ્ય જવાબ ના મળતા અંતે ભૂખ હડતાળનો નિર્ણય લેવો પડી રહ્યો છે.

### TMC પ્રમુખ મમતા બેનર્જી બોલ્યા

## રાજકારણમાંથી નિવૃત્તિ નહીં લઉં: ભાજપને હાંસિયામાં ધકેલી ન દઉં ત્યાં સુધી હું અટકીશ નહીં


**કોલકાતા**

ટીએમસી પ્રમુખ મમતા બેનર્જીએ સોમવારે કહ્યું કે તેઓ રાજકારણમાંથી નિવૃત્તિ નહીં લે. ભાજપને હાંસિયામાં ધકેલી દે ત્યાં સુધી તેઓ અટકશે નહીં. માત્ર ચાર મહિનામાં જ બંગાળના લોકોને ભાજપનો અસલી ચહેરો સમજાઈ ગયો.

મમતાએ ફેસબુક લાઈવમાં કહ્યું કે વસતી ગણતરીની પ્રક્રિયા નેશનલ સિટીઝન રજિસ્ટર (NRC) લાગુ કરવાનો પ્રયાસ છે, જેને રાજકીય પક્ષોની સલાહ લીધા વિના લાગુ કરવામાં આવ્યો છે. NRCનો હેતુ ભારતીય નાગરિકોનું સત્તાવાર રજિસ્ટર તૈયાર કરવાનો છે. જોકે, સરકાર તેને અત્યાર સુધી લાગુ કરી શકી નથી.

મમતાએ આરોપ લગાવ્યો કે, 'રાજ્યના અલગ-અલગ ભાગોમાં મહિલાઓ અન્નપૂર્ણા ભંડાર આર્થિક સહાય યોજનાના પૈસા મળવામાં વિલંબ સામે પ્રદર્શન કરી રહી છે. રાજ્યની ભાજપ સરકાર અપાત્રતાનું બહાનું બનાવીને લાભાર્થીઓની સંખ્યા ઘટાડી રહી છે.'

મમતાએ કહ્યું, 'અમે મહિલાઓને આર્થિક




રીતે આત્મનિર્ભર બનાવવા માટે લક્ષ્મી ભંડાર યોજના શરૂ કરી હતી, પરંતુ ભાજપ અન્નપૂર્ણા ભંડારના પૈસા આપવા માટે ધર્મ અને જાતિને આધાર માની રહી છે. ભાજપ ચૂંટણી પહેલાં તમામ મહિલાઓને અન્નપૂર્ણા યોજનાના પૈસા આપવાનું વચન આપીને હવે તેમને છેતરી રહી છે.' હાલમાં લાગુ નથી. કેન્દ્ર સરકારે સમયાંતરે રાષ્ટ્રીય સ્તરે NRCની વાત કરી છે, પરંતુ દેશવ્યાપી NRCની પ્રક્રિયા/કટઓફ અને નિયમો તૈયાર કર્યા નથી.

હાલમાં ફક્ત આસામમાં લાગુ કરવામાં આવ્યું છે. આસામમાં NRCની વિશેષ પ્રક્રિયા થઈ હતી. તેનો ઉદ્દેશ્ય આસામ કરાર હેઠળ રાજ્યમાં 24 માર્ચ 1971 સુધી હાજર ભારતીય નાગરિકો/તેમના પૂર્વજો સાથે સંબંધિત દસ્તાવેજોના આધારે નાગરિકોની ઓળખ કરવાનો હતો.

2019માં આસામની અંતિમ NRC યાદી પ્રકાશિત થઈ હતી. તેમાં લગભગ 19.06 લાખ લોકો શામેલ થઈ શક્યા ન હતા. જોકે, યાદીમાંથી બહાર થવું આપમેળે કોઈ વ્યક્તિને વિદેશી જાહેર કરતું નથી; આગળ કાનૂની પ્રક્રિયાની જોગવાઈ છે.

### એક જ પરિવારની 3 બહેનોના દર્દનાક મોત

## રીંગણનું શાક ખાધા પછી અડધી રાત્રે તબિયત બગડી

**મધ્ય પ્રદેશ**

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લાના પીપોરા ખુર્દ ગામમાંથી એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારની ત્રણ નાની સગીર બહેનોની શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક બાળકીઓમાં 9 મહિનાની માસૂમ બાળકીનો પણ સમાવેશ થાય છે.





અકલ્પનીય દુઃખનો સામનો કરી રહેલા બાલમુકુંદ કુશવાહાના પરિવારની પાંચ દીકરીઓમાંથી ત્રણ દીકરીઓના એકસાથે મોત થયા છે. મૃતક બાળકીઓની ઓળખ પૂનમ કુશવાહા (ઉંમર: 7 વર્ષ), મનીષા કુશવાહા (ઉંમર: ૩ વર્ષ), ચાહત કુશવાહા (ઉંમર: 9 મહિના) તરીકે થઈ હતી. મટગુવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અંકુર ચોબેના જણાવ્યા મુજબ, બાલમુકુંદ કુશવાહાના પરિવાર તરફથી માહિતી મળી હતી કે રાત્રિના સમયે પૂનમ, મનીષા અને ચાહતની તબિયત અચાનક લથડી હતી. બાળકીઓને ઝાડા અને ઉલટીની ગંભીર ફરિયાદ થતાં પરિવારજનો તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, ટૂંકી સારવાર દરમિયાન જ ત્રણેય બાળકીઓએ દમ તોડી દીધો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવેલા અહેવાલો મુજબ, બાળકીઓએ રાત્રિના ભોજનમાં છેલ્લે રીંગણનું શાક (ભર્થું) ખાધું હતું.

### કોંગ્રેસ અને ગાંધી પરિવારે દેશનું વિભાજન કરાવ્યું

## દેશને કોસવો રાહુલ પોતાનો અધિકાર સમજે છે : CM યોગી

**રાયબરેલી**

સીએમ યોગી આદિત્યનાથે રાહુલ ગાંધીના 'મનુસ્મૃતિની બેડીઓ'માંથી મહિલાઓને મુક્ત કરવાના નિવેદન પર પલટવાર કર્યો. તેમણે સોમવારે રાયબરેલીમાં કહ્યું કે રાહુલ ગાંધી દેશને કોસવો પોતાનો અધિકાર સમજે છે. તેઓ અર્બન નક્સલવાદીઓના હાથે દેશને બરબાદ કરવા માંગે છે. જો તેઓ મનુસ્મૃતિને સમજવા માંગે છે તો અથર્વવેદ વાંચે.



રાહુલ ગાંધીએ શનિવારે પુણેમાં 'છાત્રોની ગુંજ' કાર્યક્રમમાં મહિલાઓની આઝાદી અને પિતૃસત્તાના મુદ્દે એક કલાક 16 મિનિટ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'મહિલાની ઓળખ તેના પિતા, પતિ કે પુત્રથી નથી થતી, પરંતુ તેની પોતાની ઓળખ હોય છે.' મનુસ્મૃતિનો ઉલ્લેખ કરતા મહિલાઓને પિતા, પતિ અને બાળકોની સંપત્તિ માનવાની વિચારસરણીને શરમજનક ગણાવી. યોગીએ રાયબરેલીમાં સ્વાતંત્ર્ય સેનાની રાણા બેની માધવ બક્ષ સિંહની સ્મૃતિમાં 21 કરોડના ખર્ચે બનેલા સભાગૃહનું લોકાર્પણ કર્યું. તેમને 'અવધ કેસરી' પણ કહેવામાં આવે છે. આજે તેમની 222મી જયંતિ છે.

યોગીએ કહ્યું કે રાહુલજી, દેશ તમારી પાસેથી બહુ અપેક્ષા રાખતો નથી, પરંતુ ભારતીય સંસદમાં વિરોધ પક્ષના નેતા તરીકે તમને લોકશાહી પ્રત્યે જવાબદાર બનાવે છે. તમારે દેશની માફી માંગવી જોઈએ. બંધારણના શપથ લઈને તમે ભારતની પરંપરા અને વારસાને કોસવો તમારો અધિકાર સમજો છો. તમે દેશના ભવિષ્યને અર્બન નક્સલવાદીઓના હાથમાં બરબાદ કરવા માંગો છો. તમે મનુ અને ભારતના વારસા પર ટિપ્પણી કરો છો. મનુને સમજવા હોય તો અથર્વવેદ વાંચો, બધી માહિતી મળી જશે.

## કાશ્મીરના બહુચર્ચિત 23 કાશ્મીરી પંડિતોની હત્યાને લગતા વંધામા નરસંહારની ફરી તપાસ થશે

**નવી દિલ્હી**

કાશ્મીરના વંધામા ગામમાં 23 કાશ્મીરી પંડિતોની હત્યાના 1998ના બહુચર્ચિત કેસની તપાસ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. જમ્મુ અને કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (SIA) દ્વારા આ તપાસ કરાશે. કાશ્મીર ખીણમાં આતંકવાદ ચરમસીમાએ હતો, ત્યારે પંડિતોને લક્ષ્યાંક બનાવીને કરાયેલી હત્યાઓના જૂના કેસોને ઉકેલવાના વ્યાપક અભિયાનના ભાગરૂપે આ કાર્યવાહી શરૂ કરાઈ છે. હવે કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી આ હત્યાકાંડ ઉપરાંત કાશ્મીરી પંડિત નેતા ટીકા લાલ ટાપલૂ અને જસ્ટિસ નીલકંઠ ગંજુની હત્યાના કેસોની તપાસ પણ શરૂ કરવા જઈ રહી છે. આ પહેલા એજન્સીએ કાશ્મીરી પંડિત નર્સ સરલા ભટ્ટ તેમજ સાહિત્યકાર સરવાનાંદ કૌલ પ્રેમી અને તેમના પુત્ર વિરેન્દ્ર કૌલની હત્યાના કેસ પણ ફરી ખોલ્યા હતા. હાલમાં જ વંધામા કેસ અને ટાપલૂની હત્યાના મામલામાં કાશ્મીર ખીણમાં અનેક સ્થળે દરોડા પડાયા હતા. તપાસ અધિકારીઓ આતંકવાદીઓ અને તેમને મદદ કરનારા ઓવર-ગ્રાઉન્ડ વર્કર્સ (OGWs)ની ઓળખ કરી તેમની ભૂમિકાની તપાસ કરી રહ્યા છે.

### યુવા કાર્યક્રમમાં ફડણવીસે પોતાના રાજકીય સંઘર્ષને યાદ કર્યો

## ફડણવીસે કહ્યું-ખરેખરમાં એક દિવસના સીએમ બનવું સહેલું નથી

**મુંબઈ**

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું કે ફિલ્મોમાં અનિલ કપૂર જેવા અભિનેતા એક દિવસ માટે મુખ્યમંત્રી બની શકે છે, પરંતુ વાસ્તવિક જીવનમાં મુખ્યમંત્રી બનવું એટલું સરળ નથી.

તેમણે કહ્યું કે ભારતના બંધારણ અને લોકશાહીની તાકાત એવી છે કે જે વ્યક્તિ ક્યારેય કાઉન્સિલર બનવાની પણ કલ્પના કરતો ન હતો, તે મુખ્યમંત્રી બની શકે છે. તેવી જ રીતે ગુજરાતના રેલવે સ્ટેશન પર ચા વેચતો એક બાળક દેશનો વડાપ્રધાન બની શકે છે.

જો કોઈ વ્યક્તિ પૂરી લગનથી લક્ષ્ય નક્કી કરી લે, તો લોકશાહી અને બંધારણ તેને મુખ્યમંત્રી બનવાની તક આપી શકે છે અને તેને કોઈ રોકી શકતું નથી.



ફડણવીસે પોતાના શરૂઆતી રાજકીય દિવસોને યાદ કરતા કહ્યું કે તેમણે વૈચારિક પ્રતિબદ્ધતાને કારણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તે સમયે તેમની પાર્ટી વિપક્ષમાં હતી.

ફડણવીસે કહ્યું કે તેમને લાગતું હતું કે તેઓ કદાચ હંમેશા વિપક્ષનું રાજકારણ કરશે, પરંતુ જનતાએ તેમના પર ભરોસો કર્યો. ત્યારબાદ તેઓ ધીમે ધીમે એક-એક પગલું આગળ વધ્યા અને એક દિવસ તેમને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનવાની જવાબદારી મળી.

મુખ્યમંત્રીએ રામ જન્મભૂમિ આંદોલન દરમિયાનના પોતાના અનુભવો પણ શેર કર્યા. તેમણે જણાવ્યું કે 20 વર્ષની ઉંમરે તેઓ પ્રયાગરાજથી અયોધ્યા તરફ ગયા હતા. ત્યાં પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ થયો, ગોળીબાર થયો અને તેમને પકડી લેવામાં આવ્યા.

ફડણવીસના મતે, તેમણે બદાઉન સેન્ટ્રલ જેલમાં 18 દિવસ વિતાવ્યા. જેલમાંથી પાછા ફર્યા પછી તેઓ ફરી આંદોલનમાં જોડાયા.

### સરહદ વિવાદ પર થશે મહત્વની મંત્રણા

## ભારત-ચીન સંબંધોમાં ફરી નરમાશના સંકેત: બ્રિક્સ સમિટ પહેલાં ડોભાલ બેઈજિંગ પહોંચ્યા

**નવી દિલ્હી**

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ સોમવારે બે દિવસના ચીન પ્રવાસે બેઈજિંગ પહોંચ્યા છે. તેઓ ભારત-ચીન સરહદ વિવાદને લઈને વિશેષ પ્રતિનિધિઓની 25મા તબક્કાની મંત્રણામાં ભાગ લેશે. આ સમયગાળા દરમિયાન સરહદ પર શાંતિ અને સ્થિરતા સાથે બંને દેશોના દ્વિપક્ષીય સંબંધો સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થશે. ડોભાલ ચીનના વિદેશ મંત્રી અને ભારત-ચીન સરહદ મુદ્દા પર ચીનના વિશેષ પ્રતિનિધિ વાંગ યીના આમંત્રણ પર બેઈજિંગ પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અજિત ડોભાલ



(Ajit Doval) અને વાંગ યી (Wang Yi) મંગળવારે સરહદ વિવાદ સંબંધિત મુદ્દાઓ પર વિશેષ પ્રતિનિધિ સ્તરની વાટાઘાટો કરશે. પોતાના ચીન પ્રવાસ દરમિયાન ભારતીય સુરક્ષા સલાહકાર ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ (Han Zheng) સાથે પણ મુલાકાત કરશે. આ મુલાકાતને ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સરહદ સાથે જોડાયેલા પેન્ડિંગ પ્રશ્નોને ઉકેલવા તરફ આગળ વધારવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

અગાઉ 6 ઓગસ્ટે નવી દિલ્હીમાં બંને દેશો વચ્ચે સરહદી બાબતો પર પરામર્શ અને સંકલન માટે રચાયેલા વર્કિંગ મિકેનિઝમ (WMCC)ની 36મી બેઠક યોજાઈ હતી. તેમાં સીમા નિર્ધારણ, સરહદ વ્યવસ્થાપન અને સરહદ પાર સહયોગ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલય મુજબ, આ બેઠકમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

### અસરગ્રસ્તોમાં પ્લાન્ટના કર્મચારીઓ અને આસપાસના સ્થાનિકોનો સમાવેશ

## નાગપુરમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ક્લોરિન ગેસ લીક : 40 લોકો હોસ્પિટલમાં, 4-5ની હાલત ગંભીર!!

**નાગપુર**

નાગપુરમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. નાગપુરમાં ક્લોરિન ગેસ લીક થવાના કારણે 40 લોકોની હાલત ખરાબ થતા તેમને હોસ્પિટલ ખસેડાયા છે. આ તમામ લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોવાની માહિતી મળી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. પ્રભાવિત વિસ્તારના લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લગભગ 40 લોકોને હોસ્પિટલ ભેગા કરાયા છે, જેમાંથી 4થી 5 લોકોની હાલત ગંભીર હોવાથી તેમને ICUમાં રાખવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે નાગપુરના ગોધની વિસ્તારમાં સોમવારે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ક્લોરિન ગેસ લીક થયા બાદ અફરાતફરી મચી ગઈ હતી. ગોધની નગર પંચાયત દ્વારા સંચાલિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ગેસ લીકની ઘટના બાદ લગભગ 40 લોકોને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ થઈ હતી. અસરગ્રસ્ત લોકોમાં પ્લાન્ટના 8થી 10 કર્મચારીઓ અને આસપાસ રહેતા 20થી 25 સ્થાનિક લોકો સામેલ છે. ગેસ લીક થયા બાદ લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ પૈકી 4થી 5 લોકોની હાલત ગંભીર જણાતાં તેમને સારવાર માટે ICUમાં શિફ્ટ કરાયા છે. બીજી તરફ અન્ય દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ગેસની અસરને નિયંત્રિત કરવાની સાથે જ આસપાસના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે નજીકના વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે.


## તંત્રી લેખ...

# બે દાયકામાં ભારતે પગલા ન લીધા તો 2041 પછી રમત બદલાઈ જશે

ભારતનો આ વસતીવિષયક લાભ હંમેશા રહેવાનો નથી. અંદાજ મુજબ ૨૦૪૧ની આસપાસ વૃદ્ધ વસતી વધવા લાગશે.

એટલે કે કામ કરતા લોકોની સરખામણીમાં આશ્રિત વસતીનું પ્રમાણ ફરી વધવા માંડશે. આ દ્રષ્ટિએ ભારત પાસે લગભગ દોઢથી બે દાયકાનો મહત્વપૂર્ણ સમય છે. એટલે કે લગભગ ૨૦૪૧ સુધીમાં દેશે પોતાની યુવા વસતીને ઉત્પાદક શક્તિમાં પરિવર્તિત કરવી પડશે. જો આ કામ નહીં થાય, તો જે યુવા વસતી આજે શક્તિ દેખાઈ રહી છે, તે જ આવનારા સમયમાં રોજગારી અને સામાજિક સુરક્ષાનું દબાણ વધારી શકે છે. જો આ લગભગ બે દાયકામાં આપણે આપણી જાતને મજબૂત નહીં બનાવી શકીએ, તો ભારતના હાથમાંથી એક વિકસિત દેશ બનવાની તક સરકી શકે છે.

ભારતનો ડેમોગ્રાફિક પડકાર માત્ર ઉત્તર અને દક્ષિણ પૂરતો સીમિત નથી. મહત્ત્વની વાત એ છે કે, બીજો એક મોટો તફાવત મહિલાઓ અને પુરુષો વચ્ચેનો છે. ભારતની કામકાજી વસતીમાં મહિલાઓની ભાગીદારી હજુ પણ ઘણી ઓછી છે. ઉપલબ્ધ આંકડા મુજબ મહિલા શ્રમબળ ભાગીદારી લગભગ ૩૩ ટકાની આસપાસ છે. શહેરી વિસ્તારોમાં સ્થિતિ વધુ નબળી છે, જ્યાં શહેરોમાં મહિલાઓની શ્રમબળ ભાગીદારી લગભગ ૨૫ ટકા આસપાસ છે. તેની સરખામણીમાં પુરુષોની ભાગીદારી ૭૫ ટકાથી વધુ છે. આનો અર્થ એ છે કે ભારત પોતાની અડધી વસતીની આર્થિક ક્ષમતાનો પૂરો ઉપયોગ કરી શકતું નથી. સંયુક્ત રાષ્ટ્રના 'ઈન્ડિયા એજિંગ રિપોર્ટ-૨૦૨૩' મુજબ, વર્ષ ૨૦૨૨માં ૬૦ વર્ષથી વધુ વયના



લોકોની સંખ્યા ૧૪.૯ કરોડ હતી, જે ૨૦૫૦ સુધીમાં વધીને ૩૪.૭ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. એટલે કે પચીસ વર્ષ પછી દર પાંચમાંથી એક ભારતીય વૃદ્ધ હશે : દક્ષિણ અને પશ્ચિમના ઘણા રાજ્યો ઝડપથી વૃદ્ધ થઈ રહ્યા છે. જ્યારે ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં યુવા વસતી સતત વધી રહી છે. દક્ષિણમાં કુલ પ્રજનન દર ઘણી જગ્યાએ ૧.૪ થી ૧.૫ આસપાસ પહોંચી ગયો છે, જે વસતીના રિપ્લેસમેન્ટ સ્તર ૨.૧ કરતાં ઘણો ઓછો છે. કેરળમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોનો હિસ્સો લગભગ ૨૦ ટકા સુધી પહોંચી ગયો છે : બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોની વસતી હજુ પણ ઘણી યુવાન છે. બિહારની સરેરાશ ઉંમર ૨૩ વર્ષથી પણ ઓછી હોવાનું કહેવાય છે. અહીં પ્રજનન દર પણ દક્ષિણના રાજ્યો કરતાં ઘણો વધારે છે. વિશ્વના વિકસિત અર્થતંત્રોમાં સ્થાન પામેલા અને અદ્યતન સ્વાસ્થ્ય-તબીબી સેવાઓના માળખા પર ઊભેલા જાપાનના પગ વૃદ્ધાવસ્થાને કારણે હવે લથડી રહ્યા છે. જન્મદર સતત ઘટવાને કારણે કામ કરતી યુવા વસતી ઘટી રહી છે, જેના પરિણામે વિવિધ ક્ષેત્રોમાં કામદારોની અછતની સમસ્યા સર્જાવા લાગી છે. આ વાત તો માત્ર જાપાનની થઈ પણ દુનિયાની સૌથી મોટી લોકશાહી પણ નજીકના ભવિષ્યમાં આ જ સ્થિતિમાં આવવાની છે. આશરે ૧૪૦ કરોડની વસતી ધરાવતા ભારતમાં હાલ વિશ્વની સૌથી મોટી યુવા વસતી છે, જે કુલ વસતીના આશરે ૬૫ ટકા છે. તાજેતરના પિરિયોડિક લેબર ફોર્સ સર્વે મુજબ, ભારતમાં ૧૫થી ૧૬ ટકા કમાણી કરવા યોગ્ય યુવા વસતી પાસે રોજગાર નથી. એટલે કે હાલના સમયે પણ દેશની ૩૬.૭ કરોડ યુવા વસતી અર્થતંત્રમાં સક્રિય યોગદાન આપવા માટે તૈયાર છે, પરંતુ વિડંબના એ છે કે અહીં દરેક માટે કામ ઉપલબ્ધ નથી. હાલ દેશમાં દોઢથી અઢી કરોડ યુવાનો બેરોજગાર છે અને તેમાં પણ શિક્ષિત યુવાનોની સંખ્યા વધુ છે. આવા સંજોગોમાં એ સવાલ ચિંતા વધારે છે કે પચીસથી ત્રીસ વર્ષ પછીની સ્થિતિ કેવી હશે? સંયુક્ત રાષ્ટ્રના 'ઇન્ડિયા એજિંગ રિપોર્ટ-૨૦૨૩' મુજબ, વર્ષ ૨૦૨૨માં ૬૦ વર્ષથી વધુ વયના લોકોની સંખ્યા ૧૪.૯ કરોડ હતી, જે ૨૦૫૦ સુધીમાં વધીને ૩૪.૭ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. એટલે કે પચીસ વર્ષ પછી દર પાંચમાંથી એક ભારતીય વૃદ્ધ હશે. સ્પષ્ટ છે કે વિકસિત અર્થતંત્રના તબક્કે પહોંચતા પહેલાં જ ભારતની ગણતરી વૃદ્ધ દેશોમાં થવા લાગશે. કેન્દ્ર સરકાર બજેટનો આશરે ૧૮ ટકા હિસ્સો આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણ પર ખર્ચે છે. આમાંથી વૃદ્ધો સંબંધિત યોજનાઓના હિસ્સે માત્ર ૦.૧૫થી ૦.૨૦ ટકા રકમ જ આવે છે. સરકારી તિજોરીમાંથી ૬,૬૪૫ કરોડ વૃદ્ધાવસ્થા પેન્શન પર ખર્ચાય છે, જે ગરીબી રેખા નીચે જીવતા લોકોને આપવામાં આવે છે. આ રકમ દેખાવમાં ભલે મોટી લાગે, પરંતુ કેન્દ્ર તરફથી વ્યક્તિદીઠ વૃદ્ધ પેન્શન પેટે ૨૦૦ થી ૫૦૦ની નજીવી સહાય જ મળે છે, જેમાં રાજ્યો પોતાના બજેટનો મોટો હિસ્સો ઉમેરીને તેને ૨,૦૦૦ થી ૩,૦૦૦ સુધી નક્કી કરે છે. બીજી એક રસપ્રદ બાબત એ છે કે દેશનો મધ્યમ વર્ગ અર્થતંત્રની કરોડરજ્જુ છે, જે સૌથી વધુ કરવેરાનો બોજ ઉઠાવે છે. પગારદાર અને વેપારી મધ્યમ વર્ગ પોતાની કુલ આવકનો આશરે ૨૦થી ૪૫ ટકા હિસ્સો વિવિધ પ્રકારના ટેક્સ તરીકે ચૂકવે છે. તેમ છતાં આ વર્ગને સીધી રીતે સરકાર તરફથી કોઈ સામાજિક સુરક્ષા કે નિશ્ચિત વૃદ્ધાવસ્થા પેન્શન મળતું નથી.

- ગ્રુપ એડિટર પવન માકન

# ભાવનગરનો લઠ્ઠાકાંડ: તંત્રને મલાઈમાં રસ, લોકો તો મર્યા કરે

**ગુજરાતમાં વધુ એક લઠ્ઠાકાંડ થઈ ગયો. સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં થયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર લગીમાં સત્તાવાર રીતે સાત લોકોનાં મોત થઈ ગયાં છે ને 21 લોકો જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા હોસ્પિટલમાં ભરતી છે એ જોતાં મોત ડબલ ફિગરમાં પહોંચી જાય એવી પૂરી શક્યતા છે. આ મોતનો આંકડો પણ પોલીસ તપાસમાં અપાયેલો છે, બાકી ઘરે લઠ્ઠો ઢીંચીને ઘરે જ ઢબી ગયા હોય એવા પણ કેસ હશે. પોલીસે જ પોતે કહ્યું છે કે, 51 પેટી દારૂ બનાવવામાં આવ્યો હતો અને સ્થાનિક બુટલેગરો મારફતે ગામડાંમાં સપ્લાય કરવામાં આવ્યો હતો. એક પેટીમાં 20 બોટલો ગણીએ તો પણ હજારથી વધારે બોટલો થઈ એ જોતાં પોલીસ દ્વારા અપાયેલો મોતનો આંકડો ભરોસાપાત્ર નથી.**

ગુજરાતમાં વધુ એક લઠ્ઠાકાંડ થઈ ગયો. સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં થયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર લગીમાં સત્તાવાર રીતે સાત લોકોનાં મોત થઈ ગયાં છે ને 21 લોકો જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા હોસ્પિટલમાં ભરતી છે એ જોતાં મોત ડબલ ફિગરમાં પહોંચી જાય એવી પૂરી શક્યતા છે. આ મોતનો આંકડો પણ પોલીસ તપાસમાં અપાયેલો છે, બાકી ઘરે લઠ્ઠો ઢીંચીને ઘરે જ ધબી ગયા હોય એવા પણ કેસ હશે. પોલીસે જ પોતે કહ્યું છે કે, 51 પેટી દારૂ બનાવવામાં આવ્યો હતો અને સ્થાનિક બુટલેગરો મારફતે ગામડાંમાં સપ્લાય કરવામાં આવ્યો હતો. એક પેટીમાં 20 બોટલો ગણીએ તો પણ હજારથી વધારે બોટલો થઈ એ જોતાં પોલીસ દ્વારા અપાયેલો મોતનો આંકડો ભરોસાપાત્ર નથી. આપણે ત્યાં હજુય દારૂ પીને કોઈ મરી જાય તેની સમાજમાં બહુ નથી તેથી પરિવારે આવી વાતો જાહેરમાં લાવવાનું પસંદ કરતો નથી. આ કારણે ઘરમાં જ ટેં થઈ ગયેલા પિયક્કડોનાં નામ બહાર ના આવ્યાં હોય એ પણ શક્ય છે. ટૂંકમાં મોતનો આંકડો પોલીસ દ્વારા અપાય છે તેના કરતાં ઘણો વધારે હોવાની પૂરી શક્યતા છે. માનો કે, આંકડો મોટો ના હોય તો પણ દારૂબંધી ધરાવતાં રાજ્યમાં ઝેરી દારૂ પીને સાત લોકો મરી જાય એ ઘટના મોટી છે જ.

આ લઠ્ઠાકાંડમાં કોમિક વાત પાછી એ છે કે, જે પોલીસની જવાબદારી દારૂબંધીનો કડક અમલ કરાવીને લોકોને દારૂ પીતાં રોકવાની છે એ પોલીસે આ દારૂ ખરીદ્યો તેમાં ઝેરી દારૂ વેચાતો હોવાનું બહાર આવ્યું. ભાવનગર જિલ્લા ખરકડી ગામનો વિજયરાજસિંહ ગોહિલ પોલીસ ભરતીમાં સિલેક્ટ થતાં તેણે પોતાના મિત્રો ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ ગોહિલ, હરપાલસિંહ પ્રદીપસિંહ ગોહિલ અને જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પાર્ટી આપી હતી. તેમાંથી જયદીપસિંહ સિવાયના ત્રણ મિત્રોએ બહારથી લાવેલો આ ઝેરી દારૂ પીધો હતો. દારૂ પીવાથી 18 ઓગસ્ટે ઉપેન્દ્રસિંહ ઉપર પહોંચી ગયો તેમાં ભડકેલા વિજયરાજસિંહે પોલીસને જાણ કરી એટલે પોલીસ લઠ્ઠાની શોધમાં નિકળી પડી. તેમાં ખબર પડી કે, ઉપેન્દ્રસિંહની જેમ બીજા પણ ઘણા ધબી ગયા છે. પોલીસવાળાનો મિત્ર ભાવનગરનો લઠ્ઠાકાંડ ગુજરાત સરકારની



દારૂબંધીનો કડક અમલ કરાવવામાં નિષ્ફળતાનો વધુ એક પુરાવો છે. દારૂબંધીનો કડક અમલ થતો નથી કેમ કે આખું તંત્ર સડેલું છે. પોલીસથી માંડીને પોલિટિશિયવ સુધીનાં બધાંને દારૂબંધીના કારણે ગેરકાયદેસર રીતે વેચાતા માલમાંથી મળતી મલાઈ ખાવામાં રસ છે. દારૂ પીને યુવાઓ તબાહ થાય, સમયાંતરે આ પ્રકારના લઠ્ઠાકાંડ થાય તેના કારણે લોકો મરે તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. તેનું કારણ એ કે, લોકોને કોઈ ફરક પડતો નથી. બીજાની વાત છોડો પણ જેમનાં સ્વજનો ઝેરી દારૂ પીને કૂતરાના મોતે મર્યાં હોય છે એ લોકો પણ કશું બોલતાં નથી કેમ કે તેમનામાં પણ પોતાનો સગલો દારૂ પીતો હતો તેનો અપરાધભાવ હોય છે. સરકાર પણ આ વાત સમજે છે એટલે એક ચોક્કસ પેટર્નથી જ વર્તે છે. ભાવનગર જેવો લઠ્ઠાકાંડ થાય એટલે મીડિયામાં બે-ચાર દિવસ હોહા થાય, વિપક્ષો આંદોલનની ચીમકી ઉચ્ચારે પછી સરકાર સાવ પાંગળી નથી ને હાથ પર હાથ મૂકીને બેસી રહી નથી એવું સાબિત કરવા માટે બે-ચાર ટૂણિયાટ પોલીસોની બદલી કરી દેવાય. સરકારના મંત્રીઓ દ્વારા કોઈને નહીં છોડાય એ પ્રકારનાં નિવેદનો ફટકારી દેવાય એટલે પત્યું. લોકો પણ ખુશ ને મીડિયા પણ ખુશ. નવો લઠ્ઠાકાંડ થાય ત્યાં લગી કોઈ કશું બોલવાનું નથી એ સરકારને ખબર છે તેથી ગેરકાયદેસર રીતે દારૂ વેચાતો રોકવા માટે પણ કશું કરવાની જરૂર ક્યાં છે? ગુજરાતમાં છેલ્લા દોઢ-બે દાયકામાં બનેલા લઠ્ઠાકાંડ પર નજર નાખશો તો આ વાત સમજાશે. 2009માં અમદાવાદના ઓઢવ, બાપુનગર અને કાગડાપીઠ વિસ્તારમાં ઝેરી દારૂ પીવાથી 140થી વધુનાં મોત થયાં હતાં અને 200થી વધુ લોકોએ આંખો ગુમાવી હતી. હવે આટલી મોટી સંખ્યામાં લોકો મરે કે અંધાપો આવે પછી તો તંત્રે પૂરી તાકાતથી તૂટી પડીને આખા નેટવર્કને છિન્નભિન્ન કરી નાખવાનું હોય પણ એવું થયું નથી. એ વખતે થોડી હોહા થઈ પણ નેટવર્ક તો રહ્યું જ તેથી સમયાંતરે લઠ્ઠાકાંડ થયા જ કરે છે. સુરતમાં સપ્ટેમ્બર 2016માં ઝેરી દારૂ પીવાથી 16નાં મોત થયાં હતાં. એ પછી 2022માં બોટાદના બરવાળા અને રાણપુર તાલુકાના રોજિદ ગામે થયેલા લઠ્ઠાકાંડમાં 40થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હતાં. છેલ્લાં છ વર્ષથી તો ક્યાંક ને ક્યાંક લઠ્ઠાકાંડ થાય જ છે. 2024ના જાન્યુઆરીમાં દહેગામના લીહોડા ગામમાં લઠ્ઠાકાંડ થયેલો જ્યારે 2025ના ફેબ્રુઆરીમાં નડિયાદના જવાહર નગરમાં ઝેરી દારૂથી લોકો મરેલા. હવે ભાવનગરમાં લઠ્ઠાકાંડ થઈ ગયા. સરકાર તૂટી પડે તો સમયાંતરે આવા કાંડ થાય ખરા ? ભાવનગરના લઠ્ઠાંકાંડે ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ બનાવવાનો ધંધો કુટિર ઉદ્યોગ ના રહેતાં એક વેલ ઓર્ગેનાઈઝ્ડ ઈન્ડસ્ટ્રી બની ગઈ છે એ પણ સાબિત કર્યું છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો પ્રમાણે ભાવનગરમાં બુટલેગરોએ બ્રાન્ડેડ રોયલ સ્ટેગ દારૂની ખાલી બોટલો, ઢાંકણા અને સ્ટીકરો મેળવીને તેમાં મિથેનોલ મિશ્રિત ઝેરી પ્રવાહી ભર્યું હતું. એફએસએલ અને મેડિકલ રિપોર્ટ પ્રમાણે, ઝેરી દારૂની અસર થઈ હોય એવા 10 દર્દીઓના લોહી અને યુરિન સેમ્પલમાં 38.59 ટકા જેટલું મિથેનોલ મળી આવ્યું છે. આટલા મોટા પ્રમાણમાં મિથેનોલ ભાવનગર આવી ગયું કઈ રીતે ? મજબૂત નેટવર્ક વિના એ શક્ય નથી. અમદાવાદના સરખેજથી સફેદ લિક્વિડ, ખાલી બોટલ, ઢાંકણા, સ્ટીકર અને મિથેનોલ વગેરે ભાવનગર પહોંચી ગયાં ને રસ્તામાં કોઈએ રોક્યાં નહીં તેનો મતલબ એ જ થયો કે, પોલીસ ને પોલિટિશિયનની રહેમનજર હેઠળ બધું ચાલતું હશે. કેમિકલનું મિશ્રણ તૈયાર કરવા માટે ઉજ્જૈનથી કીક વાગે એવો દારૂ બનાવવાના એક્સપર્ટ નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર નામના વ્યક્તિને બોલાવાયો હતો. આ માણસે ખિચડી તો બનાવવાની હતી નહીં કે અડધા કલાકમાં બધું તૈયાર થઈ જાય. કેમિકલ મિક્સ કરીને દારૂ બનાવાય પછી બોટલમાં ભરાય, ઢાંકણાં લગાવાય, સ્ટીકર લગાવાય એ બધાં કામમાં માણસો પણ જોતરવા પડે ને સમય પણ લાગે. પોલીસની મહેરબાની વિના આ બધું ચાલતું હોય એ શક્ય જ નથી. ગુજરાતમાં દારૂબંધી માટે કડક કાયદા છે પણ તેનો અમલ થતો નથી એ સ્પષ્ટ છે. આ અમલ નથી થતો કેમ કે ગેરકાયદેસર દારૂના ધંધામાં અબજોની કમાણી છે. આ કમાણીમાં બધાંની ભાગબટાઈ છે તેથી દારૂબંધી કાગળ પર જ રહી ગઈ છે. શરમ સાથે સ્વીકારવું પડે છે કે, આ સ્થિતિ કોઈ બદલી શકે તેમ નથી.

# પુતિનની સાથે જિનપિંગ પણ આવશે ભારત? ડોભાલનો માસ્ટર સ્ટ્રોક ડિકોડ

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ આજે બેઈજિંગના પ્રવાસે જઇ રહ્યા છે. અજીત ડોભાલ ચીનમાં 24મા ભારત-ચીન સ્પેશ્યલ રિપ્રેઝેન્ટેટિવ બેઠકમાં ભાગ લેશે, જ્યાં તેમની સંભવિત મુલાકાત ચીનના વિદેશ મંત્રીની સાથે થઇ શકે છે. આ મુલાકાત દરમ્યાન ભારત-ચીન સીમા સંબંધિત મુદ્દા પર ચર્ચા થશે. બન્ને દેશો આ વાતચીતના ક્રમનું પાલન સતત કરતા આવ્યા છે. ખાસ કરીને ડોકલામ વિવાદ બાદ SR લેવલ વાતચીતનું મહત્વ વધી ગયું છે. અજીત ડોભાલ એવા સમયે ચીનની યાત્રા પર છે જ્યારે SCO સમિટનું આયોજન કિર્ગિસ્તાનમાં પ્રસ્તાવિત છે. જ્યાં ચીનના રાષ્ટ્રપતિ અને ભારતના પ્રધાનમંત્રીના સામે થવાની પણ શક્યતા છે. ભારત અને ચીનના સંબંધોમાં સુધારો ત્યારે આવ્યો જ્યારે પ્રધાનમંત્રી મોદીએ 2025માં ચીનની યાત્રા કરી હતી. તે પહેલા રશિયામાં બ્રિક્સની સાઈડલાઈનમાં બન્ને નેતાઓની



લાંબા સમય બાદ પહેલી મુલાકાત થઈ હતી. બન્ને નેતાઓએ ભારત અને ચીનના દ્વિપક્ષીય સંબંધોની ચર્ચા કરી હતી અને અધિકારીઓને ઘણાં મહત્વના નિર્દેશ આપ્યા હતા.

આ મુદ્દા પર થશે ચર્ચા

એવું કહેવાય છે કે અજીત ડોભાલની ચીન યાત્રા દરમ્યાન ભારત અને ચીનના દ્વિપક્ષીય સંબંધો પર વાતચીત થઈ શકે છે. જો કે SR લેવલ વાતચીતનો મુખ્ય એજન્ડા સીમા સંબંધિત મુદ્દા જ બતાવવામાં આવે છે. પરંતુ હાલના વૈશ્વિક મુદ્દા પર પણ આવી મુલાકાતો દરમ્યાન ચર્ચા થઈ જ જાય છે.

પુતિનની સાથે શી જિનપિંગ પણ આવશે ભારત?

એટલું જ નહીં સપ્ટેમ્બરમાં ભારત બ્રિક્સ શિખર સમ્મેલનનું પણ આયોજન કર રહ્યું છે. બ્રિક્સ શિખર સમ્મેલનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત આવી રહ્યા છે. ત્યારે શું ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ બ્રિક્સ માટે ભારત પ્રવાસે આવશે? આ સવાલનો જવાબ કદાચ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની આ ચીન યાત્રા બાદ મળી શકે છે.

# મે મહિનામાં વિવિધ તેલખોળની નિકાસ 19 ટકા વધી

વર્તમાન નાણાકીય વર્ષના બીજા અથવા તો ગત મે મહિનામાં વિવિધ તેલખોળની નિકાસ મે,2025નાં 3,15,326 ટન સામે 18.58 ટકા વધીને 3,73,907 ટનની સપાટીએ રહી હતી. જોકે, પહેલા બે મહિનામાં અર્થાત્ ગત એપ્રિલ અને મે મહિનાની કુલ નિકાસ આગલા નાણાકીય વર્ષના સમાનગાળાના 7,81,189 ટન સામે 5.34 ટકાના ઘટાડા સાથે 7,39,467 ટનની સપાટીએ રહી હોવાનું ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન દ્વારા તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. નોંધનીય બાબત એ છે કે ગત એપ્રિલ મહિનામાં ખાસ કરીને રાતા સમુદ્રમાં શિપમેન્ટો ખોરવાઈ જવાથી અને નૂરભાડામાં વધારો થવાથી તેલખોળની નિકાસમાં 21.53 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જોકે, તેની સરખામણીમાં મે મહિનામાં નિકાસમાં સુધારો જોવા મળ્યો છે. ગત મે મહિનામાં થયેલી કુલ 3,73,907 ટન તેલખોળની નિકાસમાં 81,629 ટન સોયાખોળની, 2,47,001 ટન રાયડાખોળની, 28,100 ટન રાઈસબ્રાનખોળની અને 17,177 ટન એરંડાખોળની નિકાસ થઈ હતી. જોકે, ગત એપ્રિલ અને મે મહિનાની કુલ 7,39,467 ટન તેલખોળની નિકાસ પૈકી સોયાખોળની નિકાસ ઘટીને 1,44,473 ટન (3,87,544 ટન), રાયડાખોળની નિકાસ વધીને 4,95,154 ટન (3,47,585 ટન), સિંગખોળની નિકાસ ઘટીને 318 ટન (8442 ટન), રાઈસબ્રાનખોળની નિકાસ 66,104 ટન (-) અને એરંડાખોળની નિકાસ ઘટીને 33,418 ટન (37,618 ટન)ની સપાટીએ રહી હતી. એસોસિયેશનનાં જણાવ્યાનુસાર વર્તમાન નાણાકીય વર્ષના પહેલા બે મહિનામાં મુખ્યત્વે ચીન ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના 1,17,388 ટન સામે 135.24 ટકા વધીને 2,76,147 ટનની સપાટીએ અને વિએટનામ ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના 40,040 ટન સામે 100.38 ટકા વધીને 80,231 ટનના સ્તરે રહી હતી. તેની સામે બાંગ્લાદેશ ખાતેની નિકાસ 0.52 ટકા ઘટીને 1,02,100 ટન (1,02,642 ટન), દક્ષિણ કોરિયા ખાતેની નિકાસ 29.89 ટકા ઘટીને 59,570 ટન (84,966 ટન) અને થાઈલેન્ડ ખાતેની નિકાસ 44.20 ટકા ઘટીને 32,152 ટન (57,616 ટન)ની સપાટીએ રહી હોવાનું એસોસિયેશને આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# ન્યૂઝીલેન્ડમાં 16 વર્ષથી નાની વયના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકાશે, સંસદમાં બિલ રજૂ

ન્યુઝીલેન્ડ સરકારે દેશમાં 16 વર્ષથી ઓછી વયના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકનારું 'ઓનલાઈન સેફ્ટી બિલ' (Online Safety Bill) રજૂ કર્યું છે. સરકારના આ મહત્ત્વના નિર્ણયનો મુખ્ય હેતુ દેશના યુવાનોને ઓનલાઈન ઉત્પીડન, વ્યસન લગાડનારા એલ્ગોરિધમ અને માનસિક સ્વાસ્થ્ય પર પડતી ગંભીર અસરોથી બચાવવાનો છે. બિલની મુખ્ય જોગવાઈઓ ટેક્નોલોજી કંપનીઓ પર ભારે દંડ: નિયમોનું પાલન ન કરનાર મેટા, ટિકટોક અને સ્નેપચેટ જેવી દિગ્ગજ કંપનીઓ પર તેમના વૈશ્વિક રેવેન્યુના 10 ટકા સુધીનો દંડ ફટકારી શકાશે. એજ વેરિફિકેશનની પદ્ધતિઓ: પ્લેટફોર્મ્સે યુઝર્સની ઉંમર 16 વર્ષથી વધુ છે કે નહીં તેની ચકાસણી કરવા માટે ડિજિટલ ID, ફેશિયલ એજ એસ્ટીમેશન, હાલના એકાઉન્ટ ડેટા અને સત્તાવાર દસ્તાવેજોનો ઉપયોગ કરવો પડશે. બાળકો કે વાલીઓ પર કોઈ પેનલ્ટી નહીં: દેશના શિક્ષણ મંત્રી એરિકા સ્ટેનફોર્ડે સ્પષ્ટ કર્યું છે કે કાયદાનું પાલન કરાવવાની સંપૂર્ણ કાનૂની જવાબદારી ટેક્નોલોજી કંપનીઓની જ રહેશે. બાળકો કે તેમના માતા-પિતા પર કોઈ દંડ લાદવામાં આવશે નહીં. ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્ષનએ જણાવ્યું હતું કે, 'અમે દેશના બાળકોની આખી પેઢીને થઈ રહેલું નુકસાન સહન કરી શકીએ નહીં. 13થી 17 વર્ષનું દર ત્રીજું બાળક રોજનો ઓછામાં ઓછો 5 કલાકનો સમય સોશિયલ મીડિયા પર વિતાવે છે, જેનાથી તેમનું કૌટુંબિક જીવન, અભ્યાસ અને ઊંઘ પ્રભાવિત થઈ રહ્યા છે.' આ બિલને કાયદાનું સ્વરૂપ આપવા માટે રાજકીય પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રધાનમંત્રી લક્ષનની ગઠબંધન સરકારના બે મુખ્ય સહયોગી પક્ષો– 'એક્ટ' (ACT) પાર્ટી અને 'ન્યુઝીલેન્ડ ફર્સ્ટ' (NZ First)–આ બિલનો વિરોધ કરી રહ્યા છે. ન્યુઝીલેન્ડ ફર્સ્ટનું માનવું છે કે બાળકોને સોશિયલ મીડિયાથી દૂર રાખવાની જવાબદારી વાલીઓની છે. બીજી તરફ, મુખ્ય વિપક્ષી દળ લેબર પાર્ટીએ વેરિફિકેશન અને પ્રાઈવસી સંબંધિત સવાલો ઉઠાવ્યા છે અને હજુ સુધી પોતાનું અંતિમ સમર્થન જાહેર કર્યું નથી. ઓસ્ટ્રેલિયા 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનારો વિશ્વનો પહેલો દેશ બન્યો હતો. હવે ફ્રાન્સ, યુકે, ઈન્ડોનેશિયા, મલેશિયા, બ્રાઝિલ અને યુએઈ (UAE) સહિતના દેશોએ પણ આવા કાયદા પસાર કર્યા છે અથવા પ્રસ્તાવો આગળ વધાર્યા છે. ઈન્ડોનેશિયા: 16 વર્ષથી નાની વયના બાળકો માટે 8 હાઈ-રિસ્ક પ્લેટફોર્મ્સ પર એકાઉન્ટ ડીએક્ટિવેશન તેમજ એજ વૅરિફિકેશન અને પૅરેન્ટલ કંટ્રોલ ફરજિયાત કરાયા છે.



# દાંતા-હડાદની આંગણવાડીનો જથ્થો તાલુકાની બહાર લઈ જતાં પકડાયો, છતાં કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કેમ નહીં?

## કેટલાક તત્વોના મિલીભગતથી વર્ષોથી આંગણવાડીના જથ્થામાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે : સ્થાનિક લોકોનો આક્ષેપ



દાંતા

બાળકોનું ભવિષ્ય એટલે આંગણવાડી. અને આંગણવાડીનું ભવિષ્ય એટલે ત્યાં મળતો પૌષ્ટિક જથ્થો. પણ દાંતા-હડાદ તાલુકામાં આ જથ્થા સાથે જે રમત ચાલી રહી છે તેનાથી શરમથી માથું ઝૂકી જાય તેવી સ્થિતિ છે.

થોડા સમય અગાઉ દાંતા તાલુકાની આંગણવાડીઓ માટે આવતા અનાજ, પૌષ્ટિક આહાર અને અન્ય જથ્થામાંથી *બારોબારીયું હતુ કોણ હતો કોન્ટ્રાક્ટર કયા થી ભરવામાં આવ્યો હતો આંગણવાડીનો જથ્થો?

અગાઉ પણ દાંતાના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા આંગણવાડીનો જથ્થો દાંતા તાલુકાની બહાર અન્ય તાલુકામાં લઈ જતા વાહનને રંગે હાથે પકડી પાડવામાં આવ્યું હતું. ત્યારે સવાલ એ થાય છે કે, જથ્થો પકડાયા બાદ આખરે શું કાર્યવાહી કરવામાં આવી?

જો કાર્યવાહી થઈ જ હોય તો સૌથી મોટો સવાલ એ છે કે કોન્ટ્રાકટર કોણ હતો ગાડી નંબર સાથે નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો તેમ છતાં કેમ કોઈ તપાસ કે કાર્યવાહી કરવામાં ન આવી, શું નિયમો કોન્ટ્રાકટર માટે અલગ કેમ?

સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે કેટલાક તત્વોના મિલીભગતથી વર્ષોથી આંગણવાડીના જથ્થામાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. નાનાં બાળકો અને સગર્ભા બહેનોના પેટ પર તરાપ મારવામાં આવી રહી છે. મુદ્દા માલ પકડાયા પછી પણ કોઈના પર કાર્યવાહી ન થવી એ આ આક્ષેપોને વધુ પુષ્ટિ આપે છે.

1. દાંતા-હડાદ તાલુકામાં થી કોઈ આંગણવાડીઓમા થી માલ ભરવામાં આવ્યો કે પછી ગોડાઉનમાથી,2 વર્ષના જથ્થાની જિલ્લા કક્ષાએથી અચાનક અને તટસ્થ તપાસ કરવામાં આવે.

2. જથ્થો બહાર લઈ જનારાઓ સાથે અધિકારીઓની મિલીભગત છે કે નહીં તેની તપાસ કરવામાં આવે,ગાડી ના નંબર ના આધારે ગાડી ચાલકની પુછપરછ કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી સામે આવે જો મીલીભગત હોય તો તેમના વિરુદ્ધ તાત્કાલિક FIR અને કડક કાયદેસર કાર્યવાહી* કરવામાં આવે. કોન્ટ્રાકટર કોણ છે તેની તપાસ કરવામાં આવે

3. આવા ભ્રષ્ટ તત્વોને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરીને ભવિષ્યમાં કોઈપણ સરકારી ટેન્ડર ન આપવામાં આવે.

### ગ્રામજનો અને વન વિભાગે રાહતનો શ્વાસ લીધો

# ચાપરગોટામાં એક અઠવાડિયામાં બે દીપડા પાંજરે પુરાયા



જાંબુઘોડા, ઇમરાન મિર્ઝા

બોડેલી નજીકના ચાપરગોટા ગામ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળતો હતો. આ દરમિયાન એક જ અઠવાડિયામાં બે દીપડા પાંજરે પુરાતા ગ્રામજનો તેમજ વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. ચાપરગોટા વિસ્તારના ગ્રામજનોમાં આ વિસ્તારમાં ચાર જેટલા દીપડા ફરતા હોવાની ચર્ચા હતી. જેને પગલે બોડેલી વન વિભાગ દ્વારા દીપડાઓને પકડવા માટે વિવિધ સ્થળોએ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. ચાર દિવસ અગાઉ એક દીપડો પાંજરે પુરાયો હતો. ત્યારબાદ આજે વધુ એક દીપડો પાંજરે પુરાયો હતો. વન વિભાગના પ્રાથમિક અનુમાન મુજબ આજે પાંજરે પુરાયેલો દીપડો આશરે અઢી વર્ષની ઉંમરનો હોવાનું જાણવા મળ્યું છે.


એક અઠવાડિયામાં બે દીપડા પાંજરે પુરાતા ચાપરગોટા અને આસપાસના ગ્રામજનોમાં રાહત જોવા મળી રહી છે. જોકે, વિસ્તારમાં હજુ અન્ય દીપડાઓ હોવાની ચર્ચા વચ્ચે વન વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે નજર રાખવામાં આવી રહી છે.

### મહિલા સંચાલિકાની ધરપકડ

# પાલમાં સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું : 'ડિવાઈન વેલનેસ થેરાપી સેન્ટર'માં દરોડો

સુરત

સુરતના પોશ ગણાતા પાલ વિસ્તારમાં આવેલા રાજ વર્લ્ડ શોપિંગ સેન્ટરના 3જા માળે ચાલતા 'ડિવાઈન વેલનેશ થેરાપી સેન્ટર'માં સ્પા-મસાજની આડમાં ગેરકાયદેસર દેહવ્યાપાર ચાલતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીની સત્યતા ચકાસવા માટે 1 ડમી ગ્રાહક તૈયાર કરીને સ્પા સેન્ટરમાં મોકલ્યો હતો. ડમી ગ્રાહક દ્વારા અંદર દેહવ્યાપારની ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હોવાનો ઈશારો



મળતાં જ પોલીસ કાફલાએ પંચોને સાથે રાખીને ઓચિંતી રેડ પાડી સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસ દરોડા દરમિયાન સ્પા પરિસરમાંથી 2 રૂપલલનાઓને દેહવ્યાપારની પ્રવૃત્તિમાંથી હેમખેમ મુક્ત કરાવવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે સ્પા સેન્ટરની આડમાં મહિલાઓ પાસે ગેરકાયદેસર કામ કરાવવામાં આવી રહ્યું હતું. પોલીસે ઘટનાસ્થળેથી દેહવ્યાપારનો ધંધો ચલાવતી મુખ્ય સંચાલક મહિલા દિપલ શ્યામભાઈ યાદવ (ઉં.વ. 44, રહે. ઘર નં-49, રાજદીપ સોસાયટી, ડિંડોલી, મૂળ વતન-સાસારામ, બિહાર)ની ધરપકડ કરી કાયદેસરની અટકાયત કરી હતી.

પાલ પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલી મહિલા આરોપી વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ (PITA)ની કલમ 3, 4, 5 અને 7 હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ સ્પા સેન્ટર કેટલા સમયથી ચાલી રહ્યું હતું અને તેમાં અન્ય કોઈ સ્થાનિક કે આંતરરાજ્ય નેટવર્ક સંકળાયેલું છે કે નહીં.

# ધોલેરામાં જિલ્લા કક્ષાના 77માં વન મહોત્સવની ઉજવણી: એક વર્ષમાં 1.60 લાખ વૃક્ષો વાવી ધોલેરાને હરિયાળું બનાવાશે

ધંધુકા

અમદાવાદના સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ધોલેરા ખાતે 77મા જિલ્લા કક્ષાના 'વન મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યના શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'વનકવચ'માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ 4 વનકર્મીઓનું સન્માન પણ કરાયું હતું.

કાર્યક્રમને સંબોધતા રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, વિકાસની સાથે હરિયાળી વધારવી અત્યંત જરૂરી છે. તેમણે વૃક્ષારોપણને માત્ર એક કાર્યક્રમ પૂરતું સીમિત ન રાખી તેને જનમિશન બનાવવાની હાકલ કરી હતી. મંત્રીએ દરેક નાગરિકને વૃક્ષારોપણની સાથે રોપાના ઉછેર અને જતનની જવાબદારી સ્વીકારવા અનુરોધ કર્યો હતો.

મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો અને વધુમાં વધુ લોકોને વૃક્ષારોપણ સાથે જોડાવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આવનારી પેઢીને શુદ્ધ અને સ્વસ્થ વાતાવરણ મળી રહે તે માટે સૌએ પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપવું જોઈએ. કાર્યક્રમના પ્રારંભે નાયબ વન સંરક્ષક ડૉ.મીનલ જાની (IFS) એ મંત્રી સહિત તમામ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વન મહોત્સવ એ વન વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવતી કામગીરીનું પ્રતિબિંબ છે.

### બે મહિના પહેલાં નવો બંગલો બનાવ્યો ને જુગારનું મુહૂર્ત કરતાં જ પોલીસ ત્રાટકી

# સો. મીડિયા ઈન્ફ્લુએન્સરની બહેનના બંગલાના ધાબે જુગારઅડ્ડો : સંચાલિકા સહિત 8 ઝડપાયા.!!

સુરત

સુરતમાં શ્રાવણીયા જુગાર સામે લસકાણા પોલીસે લાલ આંખ કરીને આશિર્વાદ બંગ્લોઝમાં ચાલતા જુગારધામ પર સપાટો બોલાવ્યો છે. નવા બંગલાના ટેરેસ પર જ જુગારની મહેફિલ જમાવી બેઠેલી મુખ્ય સંચાલક મહિલા સહિત કુલ 8 શખ્સને પોલીસે રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલી મુખ્ય સંચાલક મહિલા રસીલા ઉર્ફે રશ્મિ વેકરીયા જાણીતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરની બહેન છે. આરોપી રસીલાબેને લસકાણાના



આશિર્વાદ બંગ્લોઝમાં બે મહિના પહેલાં જ પોતાનો નવો બંગલો બનાવ્યો હતો. આ નવા બંગલાના ટેરેસ પર રસીલાબેન બહારથી લોકોને બોલાવી જુગાર રમાડતી હતી. નવા બંગલામાં જુગાર રમવાનું મુહૂર્ત કર્યું તે દરમિયાન જ પોલીસને બાતમી મળી ગઈ હતી અને સમગ્ર જુગારધામનો પર્દાફાશ થયો હતો. લસકાણા પોલીસની ટીમ વાલક પાટીયા ચાર રસ્તા પાસે પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે લસકાણા, આશિર્વાદ બંગ્લોઝ વિભાગ-4ના ઘર નં. 135ના ટેરેસ પર ખુલ્લામાં જુગાર ચાલી રહ્યો છે. પોલીસે ખાનગી વાહનો દ્વારા સ્થળ પર પહોંચી અચાનક રેઈડ પાડી હતી. ટેરેસ પર 8 શખ્સો ગોળ કુંડાળું વળી જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દાવ પર લાગેલી રોકડ રકમ 5,000 તેમજ આરોપીઓની અંગઝડતીમાંથી મળેલી રોકડ 1.11 લાખ મળી કુલ 1.16 લાખની રોકડ રકમ કબજે કરી છે.

# ગોધરામાં પાર્કિંગમાંથી મોટરસાયકલના ટાયર ચોરાયા : અજાણ્યા તસ્કરો ફરાર, સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ

ગોધરા

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં તસ્કરોએ ચોરીનો નવો કીમિયો અપનાવ્યો છે. ગત 23 ઓગસ્ટની મોડી રાત્રે ગોધરા બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા રિયાઝ એવન્યુ એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી મોટરસાયકલોના ટાયર ચોરી થવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રિયાઝ એવન્યુ એપાર્ટમેન્ટ (દાઉદભાઈ ડેરી સામે) ખાતે રહેતા સ્થાનિક રહીશોએ પોતાની મોટરસાયકલો દરરોજની જેમ એપાર્ટમેન્ટના નીચેના પાર્કિંગ એરિયામાં પાર્ક કરી હતી. રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો પાર્કિંગમાં પ્રવેશ્યા હતા અને વાહનોને નિશાન બનાવ્યા હતા. સવારે જ્યારે રહીશો નીચે આવ્યા ત્યારે મોટરસાયકલ નંબર GJ-29-BE-9421 (ડિસ્કવર) ના બંને ટાયર ગાયબ




જોવા મળ્યા હતા. આ ઉપરાંત, પાર્કિંગમાં મૂકેલી અન્ય મોટરસાયકલો–જેમાં GJ-17-BF-4424, GJ-17-BC-5191, GJ-17-CD-5468 તથા GJ-17-AP-5945–ના આગળના ટાયરો પણ ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### શંકાસ્પદ બેચની દવા પરત ખેંચવા આદેશ

# રઢુ PHCમાં બાળકોને આપવામાં આવતી દવામાં કીડા, વીડિયો વાયરલ

પ્રાથમિક તપાસ દરમિયાન વાયરલ વીડિયોમાં દેખાતા જીવ અંગે કોઈ ચોક્કસ તથ્ય મળી આવ્યું નથી, છતાં સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા શંકાસ્પદ બેચની દવા સામે કડક પગલાં લેવામાં આવ્યા

નડિયાદ

ખેડા જિલ્લાના માતર તાલુકાના રઢુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બાળકોને આપવામાં આવતી દવામાં કીડા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ બાબત ધ્યાન પર આવતાં જ નડિયાદ સ્થિત ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરીને દવાખાના ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન વાયરલ વીડિયોમાં દેખાતા જીવ અંગે કોઈ ચોક્કસ તથ્ય મળી આવ્યું નથી. છતાં સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને



તંત્ર દ્વારા શંકાસ્પદ બેચની દવા સામે કડક પગલાં લેવામાં આવ્યા છે. આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ દવાના જથ્થા પૈકી જે બેચ સંબંધિત વીડિયો વાયરલ થયો હતો તે દવા સંદર્ભે વિસ્તૃત તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ અધિકારીઓએ સાવચેતીના પગલે ચોક્કસ બેચ નંબર CDC032A ધરાવતી સિરપ સેફિક્સાઈમ ઓરલ સસ્પેન્શનની તમામ સીલપેક બોટલો સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાંથી તાત્કાલિક અસરથી પરત ખેંચવા માટે કડક સૂચનાઓ જારી કરી દીધી છે. દવાનો કોઈ પણ નવો જથ્થો દર્દીઓને વિતરણ ન થાય તે માટે આ નિર્ણય લેવાયો છે. વાયરલ થયેલા વીડિયો સંદર્ભે વધુ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે જે બોક્સમાંથી દવા આપવામાં આવી હતી તે જ જથ્થાની બીજી સીલ પેક બોટલ તોડીને સ્થળ પર જ તપાસ કરવામાં આવી હતી. આ સીલ પેક બોટલમાં આવી કોઈ ખામી જોવા મળી ન હતી.

જિલ્લા ડ્રગ્સ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ જે બોટલનો વીડિયો વાયરલ થયો હતો તે બોટલ લાંબા સમય સુધી ખુલ્લી રહી ગઈ હોવાના કારણે દવામાં કીડા પડ્યા હોવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જોકે આ દવાની બોટલ નાના બાળકોના ઈન્ફેક્શન અને બીમારીની સારવાર માટે આપવામાં આવતી દવા છે જેના પર ગુજરાત સરકારના ઉપયોગ માટે અને વેચાણ માટે નથી તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલો છે.

# ગોધરામાં ઈદે મિલાદની ઉજવણી : દાઉદી વ્હોરા સમાજે ભવ્ય જુલુસ કાઢ્યું



ગોધરા

ગોધરા શહેરમાં ઈદે મિલાદની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે દાઉદી વ્હોરા સમાજ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ભવ્ય જુલુસનું આયોજન કરાયું હતું.

આ જુલુસમાં દાઉદી વ્હોરા સમાજના મોટી સંખ્યામાં યુવાનો, નાના બાળકો તેમજ વૃદ્ધો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર જુલુસ દરમિયાન ધાર્મિક વાતાવરણ જોવા મળ્યું હતું અને સમાજના લોકોમાં ઉજવણીને લઈને ભારે ઉત્સાહ હતો.

જુલુસ શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થતાં મોટી સંખ્યામાં લોકો તેને નિહાળવા માટે ઉમટી પડ્યા હતા. ઈદે મિલાદ નિમિત્તે યોજાયેલા આ ભવ્ય જુલુસ દ્વારા દાઉદી વ્હોરા સમાજે ધાર્મિક આસ્થા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો.

### સુરતમાં એક્સપ્રેસવે પરથી 30 લાખનું MD જપ્ત

# મલેશિયન એરલાઈન્સની પૂર્વ એરહોસ્ટેસ બની ડ્રગ માફિયા!!

સુરત

સુરત ક્રાઈમ બ્રાન્ચ અને SOGએ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પરથી એક મોટા આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પલસાણા તાલુકાના એના ગામ ટોલનાકા પાસેથી અર્ટીગા કારમાં આવતી માનસી અબ્દુલ સૈયદ (ઉં.વ. 41) અને સોહેલ સુલેમાન શેખ (ઉં.વ. 20) ને 977.61 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

'NO DRUGS IN SURAT CITY' અભિયાન અંતર્ગત મળેલી બાતમીના આધારે પોલીસે પલસાણાના એના ટોલનાકા પાસે નાકાબંધી કરી અર્ટીગા કાર (MH-03-FC-4370) ને આંતરી હતી. જેમાંથી પોલીસે અંદાજે 29,32,830 કિંમતનું 977.61 ગ્રામ MD ડ્રગ્સ, 4,670 રોકડા, બે મોબાઈલ ફોન અને પ્લાસ્ટિકની ઝીપબેગ સહિત કુલ 29,87,500નો મુદ્દામાલ જપ્ત કર્યો



છે. મુંબઈના સાંતાક્રુઝ ઈસ્ટના રહેવાસી બંને આરોપીઓએ વડોદરા રેલવે સ્ટેશન પાસે એક અજાણી મહિલા પાસેથી આ ડ્રગ્સ મેળવ્યું હતું. તેઓ મુંબઈ લઈ જઈ 5થી 10 ગ્રામની નાની પડીકીઓ બનાવી પેડલર્સને વેચવાના હતા. સોહેલ શેખ માનસીના પાડોશમાં રહે છે અને ડ્રગ્સની હેરાફેરીમાં મદદગારી કરતો હતો. 41 વર્ષીય માનસી વર્ષ 2015થી એમ.ડી. ડ્રગ્સના નશાની આદી છે. તેના પિતા એર ઈન્ડિયામાં સિનિયર ટેકનિશિયન હતા. કલાસિકલ ડાન્સ જાણતી માનસીએ સ્ટેજ આર્ટિસ્ટ તરીકે કામ કરેલું છે અને 'મલેશિયન એરલાઈન્સ'માં એરહોસ્ટેસ તરીકે પણ નોકરી કરેલી છે. ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ સીપી કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે, માનસી અગાઉ 2021માં ઈન્દોરમાં બાળકોના ડાયપરમાં 100 ગ્રામ MD ડ્રગ્સ છુપાવી 31st ડિસેમ્બરની પાર્ટીઓમાં સપ્લાય કરતાં પકડાઈ હતી. 4 વર્ષ જેલ કાપ્યા બાદ પણ તે મુંબઈમાં ડ્રગ્સ સપ્લાય નેટવર્ક ચલાવતી હતી, જેને પોલીસે નિષ્ફળ બનાવ્યું છે.




### સુષ્મિતા સેને 1994માં મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો હતો

# મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026: કેરળની કૈઝિયા લિઝ મેજોએ જીત્યો તાજ

મુંબઈ

મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026નો ગ્રાન્ડ ફિનાલે રવિવાર, 23 ઓગસ્ટ 2026ના રોજ જયપુરમાં યોજાયો હતો. આ સૌંદર્ય સ્પર્ધામાં દેશભરમાંથી કુલ 52 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કડક સ્પર્ધા બાદ કેરળની કૈઝિયા લિઝ મેજોએ મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026નો ખિતાબ પોતાના નામે કર્યો હતો. સ્પર્ધાના જજિંગ પેનલમાં બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન, ઉર્વશી રૌતેલા અને સેલિના જેટલી સહિત મનોરંજન જગતના જાણીતા ચહેરાઓ સામેલ હતા. કૈઝિયા લિઝ મેજોએ જીત્યો તાજ સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં ટોપ-5 ફાઈનલિસ્ટ્સને જજોની સામે 40 સેકન્ડનું ક્લોઝિંગ રિમાર્ક આપવાનું હતું. આ દરમિયાન સ્પર્ધકોએ જીવન પ્રત્યેનો પોતાનો અભિગમ, પડકારો અને ભવિષ્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૈઝિયા લિઝ મેજોના જવાબ અને આત્મવિશ્વાસે જજિંગ કમિટીને પ્રભાવિત કરી હતી. રાત્રે 2:50 વાગ્યે વિજેતાના નામની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ મિસ યુનિવર્સ ઈન્ડિયા 2025ની વિજેતા મનિકા વિશ્વકર્માએ કૈઝિયાને તાજ પહેરાવ્યો હતો. તાજ જીત્યા બાદ કૈઝિયા ભાવુક થઈ ગઈ હતી. ટોપ-5માં કોણ-કોણ પહોંચ્યું? મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026ના ટોપ-5 ફાઈનલિસ્ટ્સમાં વિવિધ રાજ્યોની સુંદરિઓએ સ્થાન મેળવ્યું હતું. વિજેતા: કૈઝિયા લિઝ મેજો - કેરળ ફર્સ્ટ રનર-અપ: વૈષ્ણવી - તમિલનાડુ, સેકન્ડ રનર-અપ: અનુશ્રી સતવાલેકર - ગુજરાત

થર્ડ રનર-અપ: તેજસ્વિની શ્રીવાસ્તવ - મહારાષ્ટ્ર, ફોર્થ રનર-અપ: અનુભા વશિષ્ઠ - ઉત્તરાખંડ કૈઝિયા લિઝ મેજો હવે આ વર્ષના અંતમાં પ્યુર્ટો રિકોમાં યોજાનારી 75મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. સુષ્મિતા સેન સહિત આ અભિનેત્રીઓ જજ બની. મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026ની જજિંગ કમિટીમાં સુષ્મિતા સેન ઉપરાંત સેલિના જેટલી અને ઉર્વશી રૌતેલા પણ સામેલ હતાં. ફિલ્મ પ્રોડ્યુસર પ્રજ્ઞા કપૂરે પણ જજ તરીકે જવાબદારી નિભાવી હતી. સુષ્મિતા સેને 1994માં મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો હતો. સેલિના જેટલીએ 2001માં મિસ યુનિવર્સ ઈન્ડિયાનો ખિતાબ જીત્યો હતો અને ત્યારબાદ મિસ યુનિવર્સ સ્પર્ધામાં ફોર્થ રનર-અપ રહી હતી. ઉર્વશી રૌતેલાએ 2015માં મિસ યુનિવર્સ ઈન્ડિયાનો તાજ જીત્યો હતો.

**ઉર્વશી રૌતેલાએ 2015માં મિસ યુનિવર્સ ઈન્ડિયાનો તાજ જીત્યો હતો**

# 'રાકા'માં હવે વિલનની એન્ટ્રી ફાઈનલ

## ફિલ્મમાં વિલન તરીકે જીમ સરભ પર પસંદગી ઊતરાવામાં આવી છે

મુંબઈ

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની નવી ફિલ્મ 'રાકા'માં વિલનની એન્ટ્રી થઈ ચૂકી છે. લાંબા સમય સુધી ફિલ્મન સ્ટારકાસ્ટ અંગે સસ્પેન્સ રાખ્યા બાદ મેકર્સે અલ્લુ અર્જુન સિવાય પણ કલાકારોના નામ પર મહોર મારી દીધી છે. આ ફિલ્મનું શુટિંગ પણ શરૂ થઈ ગયું છે. અલ્લુ અર્જુન પોતાના શેડ્યુલનું શુટિંગ શરૂ કરી ચૂક્યો છે. આ ફિલ્મમાં અલ્લુનો એક અલગ અંદાજ જોવા મળશે. સૂત્રો કહે છે કે, આ લૂક પુષ્પા કરતા એકદમ અલગ રહેવાનો છે. ફિલ્મમાં વિલન તરીકે જીમ સરભ પર પસંદગી ઊતરાવામાં આવી છે. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ લીડ એક્ટ્રેસ તરીકે છે. જ્યારે વિલન તરીકે જીમ સરભની એન્ટ્રી ફાઈનલ મનાય રહી છે. વાવડ એવા મળી રહ્યા છે કે, જીમને કોઈ કારણોસર ઈજા પહોંચી છે છતા તે શુટિંગનું કામ પૂર્ણ કરી રહ્યો છે. ફિલ્મનો શેડ્યુલ મુંબઈમાં ફિક્સ કરવામાં આવ્યો છે. મુંબઈમાં સેટ તૈયાર કરવામાં આવ્યો છે. જ્યાં શુટિંગ ચાલી રહ્યું છે. દીપિકા અને અલ્લુ અર્જુન પહેલીવાર સ્ક્રિન શૅર કરી રહ્યા છે. આ ફિલ્મમાં દીપિકાનો લૂક પણ પહેલાની ફિલ્મ કરતા અલગ રહેવાનો છે. આ ફિલ્મમાં હોલિવૂડ સ્ટાર વિલ સ્મિથ પણ જોવા મળશે. આ ફિલ્મમાં એક ખુંખાર વિલન તરીકે જીમ સરભ જોવા મળશે. વિલ સ્મિથ તરફથી હાલ તો કોઈ સત્તાવાર વાત સામે આવી નથી. મેકર્સે પણ તો વાત નક્કી કરી નથી. માત્ર સૂત્રોમાંથી આ વિગત મળી છે. આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. પહેલા પહેલો ભાગ અને પછી બીજો. ફિલ્મમાં બે અલગ અલગ ટાઈમઝોન જોવા મળશે. બન્ને ભાગમાં જુદી જુદી એક્ટ્રેસની પસંદગી કરવામાં આવી છે. બીજા ભાગમાં અત્યારે મૃણાલ ઠાકુરનું નામ ફિક્સ મનાય રહ્યું છે.





# યશની 'ટોક્સિક'નો એડવાન્સ બુકિંગમાં ધમાકો, 'જવાન'-'એનિમલ'નો રેકોર્ડ તોડ્યો

## એક જ કલાકમાં 10 હજારથી વધુ ટિકિટો બુક થઈ જતાં સર્વર પર ભારે ટ્રાફિક જોવા મળ્યો

મુંબઈ

સાઉથના રોકિંગ સ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' (Toxic) સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફેન્સ આ ફિલ્મની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા અને હવે તેનો ક્રેઝ બોક્સ ઓફિસના એડવાન્સ બુકિંગ પર સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. 'ટોક્સિક' એડવાન્સ ટિકિટ સેલમાં એક પછી એક મોટા રેકોર્ડ તોડી રહી છે અને બોક્સ ઓફિસ પર નવો ઈતિહાસ રચવાની દિશામાં આગળ વધી રહી છે. ચાલો વિગતે જાણીએ... હાલમાં 'ટોક્સિક' જે ફિલ્મનો એડવાન્સ બુકિંગ રેકોર્ડ તોડવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહી છે, તે અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર ફિલ્મ 'પુષ્પા 2' (Pushpa 2) છે. 'પુષ્પા 2' એ એડવાન્સ બુકિંગમાં કુલ 31.76 લાખ ટિકિટો વેચીને બુક માય શો પર 10 લાખથી વધુ ટિકિટોનો ઓલ-ટાઈમ રેકોર્ડ બનાવ્યો હતો. બીજી તરફ, યશની 'ટોક્સિક' ના એડવાન્સ બુકિંગ શરૂ થતાં જ માત્ર 48 કલાકની અંદર 4.7 લાખથી વધુ ટિકિટોનું ધડાધડ વેચાણ થઈ ચૂક્યું છે. ભારતમાં 'ટોક્સિક' ફિલ્મે એડવાન્સ બુકિંગના ઓપનિંગના પ્રથમ 24 કલાકમાં જ 2.5 લાખથી વધુ ટિકિટો વેચીને વિરોધીઓને ચોંકાવી દીધા હતા. આ તોફાની બુકિંગ સાથે યશની ફિલ્મે શાહરૂખ ખાનની 'જવાન'જેણે એડવાન્સ બુકિંગમાં 1.5 લાખ ટિકિટો વેચી હતી. આ સાથે રણવીર સિંહની 'ધુરંધર 2' ફિલ્મની એડવાન્સ બુકિંગમાં 1.3 લાખ ટિકિટો અને રણબીર કપૂરની 'એનિમલ' ફિલ્મની એડવાન્સ બુકિંગમાં 55 હજાર ટિકિટો વેચાઈ હતી.. આ ત્રણેય ફિલ્મોના ઓપનિંગ ડે એડવાન્સ રેકોર્ડ સહેલાઈથી માત આપી દીધો છે. ભારતમાં 'ટોક્સિક' ફિલ્મે એડવાન્સ બુકિંગના ઓપનિંગના પ્રથમ 24 કલાકમાં જ 2.5 લાખથી વધુ ટિકિટો વેચીને વિરોધીઓને ચોંકાવી દીધા હતા. આ તોફાની બુકિંગ સાથે યશની ફિલ્મે શાહરૂખ ખાનની 'જવાન'જેણે એડવાન્સ બુકિંગમાં 1.5 લાખ ટિકિટો વેચી હતી.







# 'વારાણસી'નું 50 ભાષામાં થશે ડબિંગ, 1500 કલાકારોના વોઈસ સેમ્પલ લેવાશે

## એક ગ્લોબલ લેવલ પર ફિલ્મને તૈયાર કરવામાં આવી રહી છે. એટલા માટે અવાજ અને સાઉન્ડ ઈફેક્ટ પર અલગથી કામ કરવામાં આવી રહ્યું છે

મુંબઈ

આવતા વર્ષે રિલીઝ થનારી ફિલ્મ 'વારાણસી'ને લઈ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બિગ બજેટની ફિલ્મને વ્યવસ્થિત રીતે રિલીઝ કરવા અને વધુ સ્ક્રિન મળે એ માટે ખાસ આયોજન કરવામાં આવી રહ્યું છે. ફિલ્મનું 80 ટકા કામ ખતમ થઈ ગયું છે. આ સાથે લીડ સ્ટાર મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારને પોતાના ભાગનો શુટિંગ શેડ્યુલ ખતમ કરી લીધો છે. આ ફિલ્મનું ટોટલ બજેટ 1200 કરોડનું હોવાનું જાણવા મળ્યું છે.

ફિલ્મ મેકર્સ જણાવી રહ્યા છે જે કે, જેમ જેમ શુટિંગનું કામ ખતમ થઈ રહ્યું છે એમ એડિટિંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સૂત્રોમાંથી વાત એવી મળી રહી છે કે, ફિલ્મને 50 જુદી જુદી ભાષાઓમાં ડબ કરવામાં આવશે. 120 જેટલા દેશમાં રિલીઝ કરવામાં આવશે. આ માટેનું પ્લાનિંગ થઈ રહ્યું છે. વિદેશમાં જે તે ડિસ્ટ્રિબ્યુટર્સ સાથે વાતચીત ચાલી રહી છે. ખાસ વાત તો એ છે કે, AIથી તૈયાર કરેલા અવાજ કરતા અસલી આર્ટિસ્ટના અવાજને રેકોર્ડ કરવામાં આવ્યો છે. એક ગ્લોબલ લેવલ પર ફિલ્મને તૈયાર કરવામાં આવી રહી છે. એટલા માટે અવાજ અને સાઉન્ડ ઈફેક્ટ પર અલગથી કામ કરવામાં આવી રહ્યું છે. લોકલ ટચ આપવા માટે સ્થાનિક કલાકારોની પણ મદદ લેવામાં આવી રહી છે. આ માટે સ્થાનિક લેવલ ઉપર બારિકીથી કામ ચાલું કરી દેવામાં આવ્યું છે.

ફિલ્મનું કેટલુક શુટિંગ વારાણસી સિટી અને બાકીનું રામોજી ફિલ્મસિટી હૈદરાબાદમાં કરવામાં આવ્યું છે. ફિલ્મના ડબિંગ અને સાઉન્ડ અંગે વાત કરતા સૂત્રોએ કહ્યું કે, રાજામૌલી ઈચ્છતા નથી કે જયારે ફિલ્મ એક ભાષામાંથી બીજી ભાષામાં જાય તો પર્ફોમન્સ નબળું થાય. ખાસ કરીને ઈમોશન, પર્સનાલિટી અને કેટલાક ઠોસ અવાજ પર કંઈ નબળું પડે એવું મેકર્સ ઈચ્છતા નથી. મેકર્સે કહ્યું કે, હું ઈચ્છું છું કે, લોકો સ્ક્રિન પર થતા પર્ફોમન્સની સાથે એ ડાયલોગ અને એક અલગ સાઉન્ડને પણ ફીલ કરે.

# બોક્સ ઓફિસ પર 'ઇરુમુડી' નો ધમાકો: સતત 6 ફ્લોપ બાદ રવિ તેજાનું શાનદાર કમબેક

મુંબઈ

તેલુગુ સિનેમાના માસ એન્ટરટેઈનર રવિ તેજાની બહુચર્ચિત ફિલ્મ "ઈરુમુડી" થિયેટરોમાં રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. સતત 6 ફ્લોપ ફિલ્મોના ખરાબ તબક્કામાંથી પસાર થયા બાદ, રવિ તેજાએ આ ફિલ્મ દ્વારા જોરદાર કમબેક કર્યું છે. દર્શકો અને વિવેચકો તરફથી મળી રહેલા અદ્ભુત પ્રતિસાદના કારણે આ ફિલ્મે રિલીઝના બીજા જ દિવસે વર્ષ 2026 ના બોક્સ ઓફિસના અનેક રેકોર્ડ તોડી નાખ્યા છે. "ઈરુમુડી" ફિલ્મે ઓપનિંગ ડે પર જ બે આંકડામાં કમાણી કરીને રવિ તેજાની કારકિર્દીની પહેલી 10



કરોડથી વધુની ઓપનર બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો. સાતત્ય જાળવી રાખતાં શનિવારે બીજા દિવસે ફિલ્મે 16.20 કરોડનું નેટ કલેક્શન કર્યું છે. પ્રથમ દિવસના 15.30 કરોડના કલેક્શન સાથે ભારતીય બોક્સ ઓફિસ પર ફિલ્મનું કુલ નેટ કલેક્શન હવે 31.50 કરોડ સુધી પહોંચી ગયું છે. અહેવાલો મુજબ, "ઈરુમુડી" એ માત્ર બે જ દિવસમાં 30 કરોડથી વધુનું કલેક્શન કરીને "નારી નારી નદીમ મુરારી" ના લાઈફટાઈમ બોક્સ ઓફિસ કલેક્શન (26.27 કરોડ) ને પાછળ છોડી દીધું છે.

આ સાથે જ આ ફિલ્મ વર્ષ 2026 ની સૌથી વધુ કમાણી કરનારી ટોચની 10 તેલુગુ ફિલ્મોની યાદીમાં 10મું સ્થાન મેળવી ચૂકી છે.મન શંકર વરપ્રસાદ ગરુ - 218.47 કરોડ, પેદ્દી - 244.27 કરોડ, રાજા સાબ - 146.04 કરોડ, ઉસ્તાદ ભગત સિંહ - 72.38 કરોડ, મા ઈન્તિ બંગારામ - 62 કરોડ, ઓનગના - 49.31 કરોડ, ચેન્નઈ લવ સ્ટોરી - 38.34 કરોડ, ડાકુ - 36.7 કરોડ, નારી નારી નદીમ મુરારી - 26.27 કરોડ, ઈરુમુડી - 31.50 કરોડ.

"ઈરુમુડી" ફિલ્મ રવિ તેજાની કારકિર્દીની સૌથી મોટી ઓપનર ફિલ્મ સાબિત થઈ છે. ફિલ્મની વાર્તા મુખ્યત્વે પિતા અને પુત્રી વચ્ચેના અત્યંત ભાવનાત્મક સંબંધો પર આધારિત છે, જેણે દર્શકોના દિલ સ્પર્શી લીધા છે.

### ભારતના 503/9ના સ્કોરના જવાબમાં SLનો સ્કોર 8/2; ધ્રુવ જુરેલે બીજી સેન્ચુરી ફટકારી

# બીજી ટેસ્ટમાં બીજા જ દિવસે ટીમ ઈન્ડિયાનું વર્ચસ્વ




કોલંબો

કોલંબો ટેસ્ટમાં શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી છે. ટીમે પોતાની પહેલી ઈનિંગ્સમાં 8 રન પર બીજી વિકેટ ગુમાવી દીધી. પ્રસિદ્ધ ક્રિષ્નાએ ઓપનર લાહિરુ ઉદારાને યશસ્વી જયસ્વાલના હાથે કેચ કરાવ્યો. તે પછી માનવ સુથારે પ્રબથ જયસૂર્યાને LBW આઉટ કર્યો. દિવસની રમત સમાપ્ત થવા પર કામિલ મિશારા અણનમ પરત ફર્યો. સોમવારે મેચના બીજા દિવસે ભારતે પોતાની પહેલી ઈનિંગ્સ 503/9 રનના સ્કોર પર ડિક્લેર કરી. ધ્રુવ જુરેલે 177 બોલ પર 115 રન બનાવીને અણનમ રહ્યો. જુરેલે બીજી ટેસ્ટ સેન્ચુરી ફટકારી. મોહમ્મદ સિરાજ 29 બોલ પર 3 રન બનાવીને આઉટ થયો. માનવ સુથારે 18 રન બનાવ્યા. ટી-બ્રેક પહેલા રિષભ પંત 63 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. પહેલા દિવસે 3 રન પર ઈજાના કારણે રિટાયર્ડ હર્ટ થયેલા પંતે બીજા દિવસે કમબેક કરતા હાફ સેન્ચુરી લગાવી, પણ લંચ પછી પહેલા જ બોલ પર આઉટ થયો.

ટીમે પહેલા સેશનમાં 119 રન જોડ્યા અને એક વિકેટ ગુમાવી. ડેબ્યૂ કરી રહેલો સારાંશ જૈન 6 રન બનાવીને આઉટ થયો. ભારતે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રસિદ્ધ ક્રિષ્નાએ પોતાની પહેલી જ ઓવરમાં ભારતને વિકેટ અપાવી દીધી. તેણે શ્રીલંકન ઈનિંગ્સની બીજી ઓવરના બીજા બોલ પર લાહિરુ ઉદારાને યશસ્વી જયસ્વાલના હાથે કેચ કરાવ્યો. ઓફ સ્ટમ્પ તરફ આવતો બોલ બાઉન્સ થયો. આના પર ઉદારાએ શોટ રમવો પડ્યો, પણ બોલ તેના બેટની આઉટ-સાઈડ એડ્જ પર લાગીને સ્લિપમાં ગયો. ત્રીજી સ્લિપમાં યશસ્વી જયસ્વાલે જમણી તરફ ફુલ લેન્થ ડાઈવ લગાવીને એક હાથે શાનદાર કેચ ઝડપી લીધો. 136મી ઓવરના ચોથા બોલ પર ધ્રુવ જુરેલ સેન્ચુરી પૂરી કરવાના પ્રયાસમાં રનઆઉટ થતાં બચી ગયો.

## ધોનીનો વર્ષો જૂનો કીર્તિમાન ધ્વસ્ત! કોલંબો ટેસ્ટમાં રિષભ પંતે બનાવ્યો નવો વર્લ્ડ રેકોર્ડ

નવી દિલ્હી

ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોના સિંહલી સ્પોર્ટ્સ ક્લબ મેદાન પર રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસની રમત પૂરી થઈ ગઈ છે, જેમાં ભારતીય ટીમના વિકેટકીપર-બેટ્સમેન રિષભ પંતે આજે ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી લીધી છે. વિદેશી ધરતી પર સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ. રિષભ પંત (Rishabh Pant) વિદેશી ધરતી પર ભારત તરફથી વિકેટકીપર-બેટ્સમેન તરીકે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. તેણે પૂર્વ કેપ્ટન એમએસ ધોની (MS Dhoni)નો 2496 રનનો વર્ષો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે, જ્યારે આ યાદીમાં 1209 રન સાથે ફારુખ એન્જિનિયર ત્રીજા ક્રમે છે. આજે ટેસ્ટના બીજા દિવસે સારાંશ જૈન પેવેલિયન પરત ફર્યા બાદ પંત ફરીથી બેટિંગ માટે મેદાનમાં ઉતર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ટેસ્ટના પહેલા દિવસે બેટિંગ કરતી વખતે પંત ઈજાગ્રસ્ત થયા બાદ મેદાન છોડીને બહાર ગયો હતો. ભારતીય ઈનિંગ્સની 58મી ઓવરમાં લાહિરુ કુમારાનો બોલ સીધો પંતના કાંડા પર વાગ્યો હતો, જેના કારણે ભારે પીડા થતાં પ્રાથમિક સારવાર બાદ પંતને બહાર જવું પડ્યું હતું. અગાઉ પ્રથમ ટેસ્ટમાં બેટથી મોટો સ્કોર ન કરી શકવાને લીધે તેના ફોર્મ પર સવાલો ઉઠી રહ્યા હતા.

### મેચ ફીના 25% દંડ અને 1 ડિમેરિટ પોઈન્ટ ફટકાર્યો

## મેદાનમાં ઝઘડો ભારે પડ્યો, ICC એ જયસ્વાલ અને શ્રીલંકન ખેલાડીને ફટકાર્યો મોટો દંડ

નવી દિલ્હી

કોલંબો ખાતે રમાઈ રહેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે મેદાન પર જ ગંભીર વિવાદ સામે આવ્યો હતો. ભારતીય ટીમના યુવા ઓપનર બેટર યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાના તેજ બોલર અસિથા ફર્નાન્ડો વચ્ચે મેદાનની અંદર જ ઉગ્ર બોલાચાલી અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. 17મી ઓવરમાં બંને ખેલાડીઓ સામસામે આવ્યા. આ સમગ્ર ઘટના ભારતીય ઈનિંગ્સની 17મી ઓવરમાં બની હતી, જ્યારે અસિથા ફર્નાન્ડોએ યશસ્વી જયસ્વાલને આઉટ કર્યો હતો. આઉટ થયા બાZદ પવેલિયન તરફ પરત ફરી રહેલા જયસ્વાલે ફર્નાન્ડો તરફ જઈને કંઈક કહ્યું હતું. તેના જવાબમાં આક્રમકતા બતાવતા ફર્નાન્ડોએ પોતાનું માથું જયસ્વાલ તરફ આગળ કર્યું હતું, અને સામે જયસ્વાલે પણ પાછળ હટ્યા વિના માથું આગળ ધર્યું હતું. આ દરમિયાન બંનેના માથા એકબીજા સાથે અથડાયા હતા, જે ક્રિકેટના આચારસંહિતા નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે. આચારસંહિતા ભંગ બદલ દંડ રમતના નિયમો અને રમતભાવના વિરૂદ્ધ આ વર્તનને ગંભીરતાથી લેતાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ તાત્કાલિક એક્શન લીધા છે. ICC એ બંને ખેલાડીઓને આચારસંહિતાના અનુચ્છેદ 2.12 ના ભંગ બદલ દોષી ઠેરવ્યા છે. આ નિયમ મેચ દરમિયાન અન્ય ખેલાડી, અમ્પાયર કે રેફરી સાથે અયોગ્ય શારીરિક સંપર્ક (Anappropriate Physical Contact) કરવાથી સંબંધિત છે. પરિણામે બંને ખેલાડીઓ પર મેચ ફીના 25 ટકાનો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે.

દંડની સાથે સાથે જયસ્વાલ અને અસિથા બંનેના ખાતામાં એક-એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે.

## ભારત પહેલાં ઢાકામાં ટ્રેનિંગ કરી શકે છે બ્રાઝિલ

### કોલકાતા સ્ટેડિયમ પર સવાલ, 6 ઓક્ટોબરે કેપ વર્ડે સામે મેચની પણ તૈયારી

મુંબઈ

બ્રાઝિલની ફૂટબોલ ટીમ 3 ઓક્ટોબરે ભારત સામેની મેચ પહેલાં બાંગ્લાદેશના ઢાકામાં ટ્રેનિંગ કેમ્પ લગાવવા પર વિચાર કરી રહી છે. બ્રાઝિલ ફૂટબોલ કન્ફેડરેશન (CBF)ના પાંચ સભ્યોના પ્રતિનિધિમંડળે 23 ઓગસ્ટે ઢાકાની મુલાકાત લીધી. ટીમે નેશનલ સ્ટેડિયમ, બશુન્ધરા કિંગ્સ એરેના અને ઘણી હોટલોનું નિરીક્ષણ કર્યું. બાંગ્લાદેશ ફૂટબોલ ફેડરેશનના અધ્યક્ષ તબિથ અવલે જણાવ્યું કે બ્રાઝિલ સાથે ઢાકામાં ટ્રેનિંગ કરવા અને બાંગ્લાદેશ સામે ફ્રેન્ડલી મેચ રમવા સહિતના તમામ વિકલ્પો પર વાત થઈ છે. જોકે, હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. બ્રાઝિલ 25 સપ્ટેમ્બરે



ઓસ્ટ્રેલિયા સામે ટાઉન્સવિલેમાં અને 29 સપ્ટેમ્બરે બ્રિસ્બેનમાં મેચ રમશે. આ પછી ટીમ ભારત આવશે. બાંગ્લાદેશ ફૂટબોલ ફેડરેશન અનુસાર, બ્રાઝિલના પ્રતિનિધિમંડળે નેશનલ સ્ટેડિયમ અને બશુન્ધરા કિંગ્સ એરેનાની પીચને ટીમ માટે યોગ્ય ગણાવી. જોકે, ડ્રેસિંગ રૂમ, ટેકનિકલ સ્ટાફ માટેની જગ્યા અને એન્ટ્રી-એક્ઝિટ પર સુરક્ષા વ્યવસ્થામાં સુધારાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. ઢાકામાં બ્રાઝિલ અને બાંગ્લાદેશ વચ્ચે 5 કે 6 ઓક્ટોબરે ફ્રેન્ડલી મેચની પણ ચર્ચા થઈ છે. જોકે, બાંગ્લાદેશની ટીમ 24 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર સુધી ઈન્ડોનેશિયામાં FIFA એશિયન કપમાં રમશે. ભારત-બ્રાઝિલ મુકાબલો 3 ઓક્ટોબરે કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં થશે. આ બ્રાઝિલની ભારતમાં પહેલી મેચ હશે. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશને 30 જુલાઈએ તેની જાહેરાત કરી હતી. મેચ પહેલા CBFના પાંચ સભ્યોના દળે કોલકાતાનું પણ નિરીક્ષણ કર્યું. પ્રતિનિધિમંડળે સ્ટેડિયમ, ટ્રેનિંગ ગ્રાઉન્ડ, પીચ, ડ્રેસિંગ રૂમ, હોટેલ અને સુરક્ષા વ્યવસ્થા જોઈ. રિપોર્ટ્સ અનુસાર, મેદાનની ઘાસની સ્થિતિ અને કેટલીક જગ્યાએ ટર્ફને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. બ્રાઝિલે પીચ અને ટ્રેનિંગ ગ્રાઉન્ડના ઘાસમાં સુધારાની જરૂરિયાત જણાવી છે. ભારત-બ્રાઝિલ મુકાબલાને લઈને પૂર્વ ભારતીય કેપ્ટન બાઈચુંગ ભૂટિયાએ પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે બ્રાઝિલને કોલકાતા બોલાવવા પર લગભગ 50થી 70 કરોડ રૂપિયા ખર્ચ થવાના રિપોર્ટ પર વાંધો ઉઠાવ્યો. તેમનું કહેવું છે કે આટલી રકમ બંગાળના ડોમેસ્ટિક ફૂટબોલ અને ગ્રાસરૂટ ડેવલપમેન્ટ પર ખર્ચ કરી શકાઈ હોત.



### સતત 4 દિવસ કામગીરી ખોરવાઈ જવાના એંધાણ

# બેન્ક કર્મચારી-અધિકારીઓ પાડશે હડતાળ

મુંબઈ

યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) દ્વારા 11 સપ્ટેમ્બરના રોજ દેશવ્યાપી બેન્ક હડતાલની જાહેરાત કરવામાં આવી છે. બેન્ક કર્મચારીઓ અને અધિકારીઓના આ સંયુક્ત સંગઠને અઠવાડિયામાં 5 દિવસ બેન્ક ચાલુ રાખવાના નિર્ણયમાં થઈ રહેલો વિલંબ, પરફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) અંગેના મતભેદો અને પેન્શન સંબંધિત બાકી માંગણીઓનો ઉકેલ ન આવવાને કારણે આ પગલું ભર્યું છે. જો આ હડતાલ થશે તો દેશભરમાં સરકારી બેન્કોનું કામકાજ સતત 4 દિવસ સુધી પ્રભાવિત થઈ શકે છે. 11




સપ્ટેમ્બર શુક્રવારે હડતાલ પાડવાની યોજના છે, જે બાદ શનિવાર અને રવિવારની રજાઓ આવે છે. આ ઉપરાંત, 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી નિમિત્તે ઘણા રાજ્યોમાં બેન્કો બંધ રહેશે, જેના કારણે ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલનની ચેતવણી UFBU દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો સરકાર અને બેન્ક મેનેજમેન્ટ તેમની માંગણીઓ પ્રત્યે યોગ્ય ધ્યાન નહીં આપે, તો તેઓ 28 સપ્ટેમ્બરથી સતત ત્રણ દિવસની હડતાલ પર ઉતરી જશે. આ તારીખો અર્ધવાર્ષિક હિસાબ-કિસાબ (હાફ ઈયરલી ક્લોઝિંગ) ના સમયગાળામાં આવતી હોવાથી બેન્કોના નાણાકીય કામકાજ પર તેની ગંભીર અસર પડી શકે છે. તેમ છતાં ઉકેલ નહીં આવે તો 26 ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાલ શરૂ કરવાનો સંકેત આપવામાં આવ્યો છે. સંઘોના મતે, સરકારના 'નકારાત્મક વલણ'ને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે.

### સોના-ચાંદીના ભાવમાં વધઘટ જોવા મળી

## સોનું ₹1,983 વધીને ₹1.63 લાખ થયું: ચાંદી ₹297 ઘટીને ₹2.46 લાખ થઈ

મુંબઈ

સોનાની કિંમતોમાં 24 ઓગસ્ટે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,983 રૂપિયા વધીને 1.63 લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીની કિંમત 297 રૂપિયા ઘટીને 2.46 લાખ રૂપિયા થઈ ગઈ છે. આ મહિને એટલે કે ઓગસ્ટમાં 24 દિવસમાં સોનું 20 હજાર અને ચાંદી 28 હજાર રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. નિષ્ણાતોના મતે, સોનું આ વર્ષના અંત સુધીમાં 1 લાખ 70 હજાર રૂપિયા સુધી જઈ શકે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 30 હજાર રૂપિયા



મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.63 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.46 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે જ દુનિયાભરની કેન્દ્રીય બેંકો જેવી કે આરબીઆઈનો પણ સપોર્ટ મળ્યો છે, જે સતત સોનું ખરીદી રહી છે. આગળ મુશ્કેલ સંજોગોમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો સંજોગો સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. અત્યારે જે ભવિષ્યના સંજોગો દેખાઈ રહ્યા છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

### US ટ્રેઝરી દ્વારા વધુ નકલી ડૉલર છાપવાના નવા રાઉન્ડની જાહેરાત પર ચિંતા વ્યક્ત કરી.

# 'ધનિક થવું હોય તો સોનું-ચાંદી ખરીદો, રોબર્ટ કિયોસાકીની લોકોને સલાહ

### 'રિચ ડૅડ પૂઅર ડૅડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ X પર રોકાણકારોને મોટું ઍલર્ટ આપ્યું છે. તેમણે અમેરિકન ડૉલરને 'નકલી કરન્સી' ગણાવી

વોશિંગ્ટન

'રિચ ડેડ પૂર ડેડ' પુસ્તકના જાણીતા લેખક રોબર્ટ કિયોસાકી સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે અને અવારનવાર નાણાકીય બાબતો અંગે રસપ્રદ પોસ્ટ શેર કરતા હોય છે. તેઓ અવારનવાર અમેરિકન ડૉલરને 'નકલી કરન્સી' ગણાવે છે અને લોકોને સોનું, ચાંદી તથા બિટકોઈન જેવી ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરીને અમીર બનવાની સલાહ આપે છે. તાજેતરમાં X પર તેમની એક નવી પોસ્ટ ખૂબ જ વાઈરલ થઈ રહી છે, જેમાં તેમણે રોકાણકારોને મોટું ઍલર્ટ આપતા જણાવ્યું છે કે કયા લોકો ગરીબ થાય છે અને કયા લોકો અમીર. નકલી ડૉલર છાપવા મુદ્દે રોકાણકારોને ઍલર્ટ કર્યા રોબર્ટ કિયોસાકીએ પોતાની વાઈરલ પોસ્ટમાં ફરી એકવાર અમેરિકન ડૉલર પર નિશાનો સાધ્યું છે. તેમણે લખ્યું કે, 'US ટ્રેઝરી દ્વારા QE (ક્વાન્ટિટેટિવ ઈઝિંગ) એટલે કે વધુ નકલી ડૉલર છાપવાના



નવા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે DXY (ડૉલરની ખરીદશક્તિનો ઈન્ડેક્સ) ઘટે છે, ત્યારે મોંઘવારી ઝડપથી વધે છે. તેનો સીધો અર્થ એ થાય કે નકલી ડૉલર બચાવનારા લોકોને સૌથી વધુ નુકસાન થાય છે.' તેમણે લોકોને અપીલ કરી કે આવી ભૂલ કરીને નુકસાન ઉઠાવનારા ન બનો. કેવા લોકો ગરીબ બની જાય છે? પોતાની પોસ્ટમાં તેમણે આગળ લખ્યું કે, 'જો તમને લાગે છે કે ફાઈનાન્સિયલ એજ્યુકેશન મોંઘું છે, તો નાણાકીય જાણકારી ન હોવાની કિંમત કેટલી હોઈ શકે? વાસ્તવિકતા એ છે કે સમજુ રોકાણકારો એવી એસેટ્સમાં રોકાણ કરે છે જેમના ભાવ સતત વધે છે–જેમ કે સોનું, ચાંદી, બિટકોઈન અને રિયલ એસ્ટેટ. આમાં રોકાણ કરીને તેઓ વધુ અમીર બને છે. બીજી તરફ, જે લોકો નાણાકીય રીતે જાગ્રત નથી અને ડૉલર જેવી નકલી એસેટ્સ બચાવ્યા કરે છે, તેઓ ગરીબ થતા જાય છે.' 'રિચ ડેડ પૂઅર ડેડ'ના લેખકે કહ્યું કે, 'વ્યક્તિએ દરરોજ નાણાકીય રીતે વધુ સમજદાર બનવું જોઈએ. તેમના 'રિચ ડેડ' હંમેશા કહેતા કે તમારો સૌથી મોટો ખર્ચ એ સમય કે પૈસા નથી જે તમે ફાઈનાન્સિયલ એજ્યુકેશન પર ખર્ચો છો, પરંતુ તમારો સૌથી મોટો ખર્ચ એ પૈસા છે જે તમે અજ્ઞાનતાના કારણે કમાઈ શકતા નથી.' કિયોસાકીની આ પોસ્ટ દર વખતની જેમ ખૂબ ઝડપથી વાયરલ થાય છે.

## સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઉછાળો: IT શેરોમાં વધુ ખરીદી

- **77,750 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક વધ્યો, SBI, BEL અને અદાણી પોર્ટ્સમાં ઘટાડો**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 24 ઓગસ્ટે તેજી છે. સેન્સેક્સ 200થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે 77,750ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ 50થી વધુ પોઈન્ટનો વધારો છે, તે 24,300 પર ટ્રેડ થઈ રહ્યો છે. બેન્કિંગ અને IT શેરોમાં આજે વધુ ખરીદી જોવા મળી રહી છે. આજથી 3 IPO ખુલી રહ્યા છે સિમ્બાયોટેક ફાર્માલેબ, હાઈ-ટેક એન્જિનિયર્સ અને સ્કાયવેઝ એર સર્વિસિસના IPO આજથી ખુલશે. સિમ્બાયોટેક ફાર્માલેબ આ IPO દ્વારા 1,757 કરોડ, હાઈ-ટેક એન્જિનિયર્સ 135.73 કરોડ અને સ્કાયવેઝ એર સર્વિસિસ 582.80 રૂપિયા એકત્ર કરવા માગે છે. આ IPOમાં 26 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકાશે સોમવારે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. બેંકિંગ અને નાણાકીય સેવા કંપનીઓના શેરમાં નબળાઈએ મુખ્ય સૂચકાંકો પર ભાર મૂક્યો. બપોરે 2:00 વાગ્યા સુધીમાં, સેન્સેક્સ 278.37 પોઈન્ટ (0.36%) ઘટીને 77,262.46 ના સ્તરે પહોંચ્યો હતો. દરમિયાન, નિફ્ટી50 24,163.40 પર ટ્રેડ કરી રહ્યો હતો, જે 88.60 પોઈન્ટ (0.37%) ઘટીને હતો. શેરબજાર લાલ નિશાને બપોરે 3.30 કલાકે સેન્સેક્સ લાલ નિશાનમાં સરકી ગયો. સેન્સેક્સ 171.72 પોઈન્ટના ઘટાડા સાથે 77,369 અંકે બંધ થયો.

## કોંગ્રેસ નેતાઓની હિલચાલ પર આઈબી સહિતની એજન્સીઓની નજર

# અમિત શાહ આવશે અમદાવાદ: વિપક્ષ વિરોધ ના કરે તે માટે તંત્રની દોડધામ.!!



- બોપલ-ઘુમામાં પાણી ભરાવા મામલે અમિત શાહના લોકદરબારમાં હોબાળો ના મચે તેની ભાજપના નેતાઓ થઇ રહી છે ચિંતા
- અમિત શાહના કાર્યક્રમના સ્થળે અને રસ્તામાં કાળા વાવટા ના ફરકે અને બેનર સાથે સૂત્રોચ્ચાર ના થાય તે માટે રખાઈ રહી છે તકેદારી
- કોંગ્રેસ અને આપના અગ્રણી નેતાઓને નજરકેદ અને ડિટેઇન કરવામાં આવે તેવી વધતી સંભાવના

અમદાવાદ

કેન્દ્રિય ગૃહમંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ અમિત શાહ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા કોઇ વિરોધ પ્રદર્શન કે કાળા વાવટા ના ફરકાવાય તે માટે રાજ્યનું ગુપ્તચર વિભાગ અને પોલીસ વિભાગ એલર્ટ બની દોડતું થયું છે.

તાજેતરમાં બનેલી ભાવનગરના લઠ્ઠાકાંડ તથા બેફામ બનેલા ભેળસેળીયાઓ અને અસામાજિક તત્વો સામે લાચાર બનેલા પોલીસ વિભાગ અને રાજ્ય સરકારની કાયદો અને વ્યવસ્થા મામલે નબળી કામગીરીને કારણે નાગરિકોમાં નારાજગી વધી રહી છે. ત્યારે વિપક્ષ કોંગ્રેસ દ્વારા સમયાંતરે અમદાવાદ, ગાંધીનગર સહિતના સ્થળે સત્તાધારી પક્ષ સામે કાળા વાવટા સાથે વિરોધ પ્રદર્શન અને ધરણાં સહિતના કાર્યક્રમો યોજાતા રહે છે. અમિત શાહ ગુરુવારે અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે તેમની સામે, તેઓ જે કાર્યક્રમમાં હાજરી આપવાના ત્યાં કે તેઓ પસાર થવાના છે એ તમામ રસ્તે વિપક્ષ દ્વારા કાળા વાવટા ફરકાવવામાં ના આવે તથા બેનર સહિત સૂત્રોચ્ચાર કરીને વિરોધ ના થાય તે માટે રાજ્યનું ગુપ્તચર ખાતુ દોડતું થયું છે અને કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી દ્વારા આવા કોઈ સરપ્રાઇઝ કાર્યક્રમો યોજાવાના છે કે કેમ તેની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. ગુજરાત કોંગ્રેસ અને તેમાં પણ ખાસ કરીને શહેર કોંગ્રેસના તથા યુવા કોંગી નેતાઓની મૂવમેન્ટ પર આઈબી વિભાગ દ્વારા ખાસ નજર રાખવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. અમિત શાહ આવે ત્યારે કોને કોને નજરકેદ રાખવા અને કોને અગમચેતીમાં ડિટેઈન કરવા તે સહિતની યાદી પણ તૈયાર થઇ રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

**કોંગ્રેસ સહિત વિપક્ષની રણનીતિ પર સહુની રહેશે નજર |** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની ગુજરાત ટીમ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ જ્યારે અમદાવાદની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે ભાવનગર લઠ્ઠાકાંડ સહિતના મુદ્દે કેવી રીતે રજૂઆત અને વિરોધ પ્રદર્શિત કરે છે તેની પર રાજ્ય સરકાર, પોલીસ વિભાગ અને નાગરિકોની નજર રહેલી છે. બોપલ અને ઘુમા સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા કરોડોના બંગલાઓમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

**અમિત શાહ ગૂજરાત વિધાપીઠના કાર્યક્રમમાં રહેશે ઉપસ્થિત |** ગૂજરાત વિદ્યાપીઠનો 72મો પદવીદાન સમારોહ આગામી 27 ઓગસ્ટે પ્રાણજીવન વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં સાંજે 4.30 વાગ્યે યોજાવાનો છે. આ વર્ષે પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ રહેશે. જ્યારે ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દીક્ષાંત પ્રવચન આપશે. 7 વિદ્યાશાખાના 18 વિભાગના કુલ 900 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે. જેમાં 184 સ્નાતક, 400 અનુસ્નાતક, 232 સ્નાતકોત્તર અભ્યાસક્રમ, 21 અનુસ્નાતક ડિપ્લોમા તથા 63 એમ.ફિલ/પીએચ.ડી. પદવીધારકોને ડિગ્રી અપાશે. તેમજ કુલ પદવીધારકોમાં 441 વિદ્યાર્થિનીઓ અને 459 વિદ્યાર્થીઓ છે.

## આસ્ટોડિયામાં ટ્રાવેલ્સકર્મી પર છરાથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો: ફરિયાદ નોંધાઇ




અમદાવાદ

અમદાવાદના આસ્ટોડિયા ખાતે પોલીસ ફરિયાદની અદાવતમાં શખ્સે ટ્રાવેલ્સકર્મીને છરાના ઘા મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં શેઠે શખ્સ સામે પોલીસ ફરિયાદ કર્યાની અદાવતમાં નિર્દોષ કર્મી પર હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ટ્રાવેલ્સકર્મીએ શખ્સ સામે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આસ્ટોડિયામાં રહેતા તૌફિક દેવગઢવાળા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં નોકરી કરે છે. ગત 22 ઓગસ્ટે તેઓ ઓફિસે હાજર હતા ત્યારે શેઠ ફારૂકભાઈની બીજી ઓફીસ ગુરુકૃપા ડાઈનિંગ હોલની બાજુમાં છે, ત્યાં કારીગર મંજુર ધલ્લાવાળાને દાણીલીમડાના શરીફખાન પઠાણ સાથે ઝઘડો થયો હતો. જેથી શેઠ ફારૂકભાઈએ શરીફખાન સામે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી.

તેની અદાવતમાં શરીફખાન છરો લઈને રાત્રે ટ્રાવેલ્સની ઓફિસે પહોંચી તૌફિકને કહ્યું 'તારા શેઠે મારી સામે ફરિયાદ કરી છે હવે તમને જીવતા નથી છોડવાના' કહીને છરાના તૌફિકને ચાર ઘા મારીને લોહીલુહાણ કરીને હત્યાનો પ્રયાસ કર્યો હતો.

બુમાબુમ થતા આસપાસના લોકો ભેગા થતા શરીફખાન જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડયો હતો. આ અંગે યુવકે શરીફખાન

### કોર્પોરેશને કરાવ્યું હોવાનું ખાનગી એજન્સીના માણસે વીડિયોમાં કબૂલ્યું

## અમદાવાદમાં ભૂતિયા ડિમોલિશન: ખાનગી પ્લોટમાં દુકાનો તોડી પાડી

અમદાવાદ

સુરતના નાસીરનગર ડિમોલિશન જેવી જ ઘટના અમદાવાદમાં બનતા ચકચાર મચી ગઈ છે. નાનાચિલોડા વિસ્તારમાં ટોયેટાના શોરૂમની બાજુમાં ખાનગી પ્લોટમાં 3 દુકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે. જોકે, આ ડિમોલિશન AMCના નામે ખાનગી સિક્યુરિટી એજન્સીના માણસો દ્વારા કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

દુકાનો તોડી પાડવામાં આવી અને કોર્પોરેશનના નામથી ડિમોલિશન થયું હોવાની જાણ થતાં જ ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. સમગ્ર મામલે તપાસ કરતા ખાનગી વ્યક્તિ દ્વારા આ ડિમોલિશન કરવામાં આવ્યું છે.

સમગ્ર મામલે કોર્પોરેશન દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને કોર્પોરેશનના નામે ડિમોલિશન કરાયું છે તો આ મામલે પોલીસ ફરિયાદ નોંધવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ કમિટીના





ચેરમેન ભાગ્યેશ પટેલે જણાવ્યું હતું કે, નાનાચિલોડાના જીઆઈડીસી (GIDC) વિસ્તારમાં આવેલા ખાનગી પ્લોટ પર આ ડિમોલેશન કરવામાં આવ્યું હતું. એસ્ટેટ વિભાગની તપાસમાં ખુલાસો થયો છે કે સ્થળ પર 'રાજપૂત સિક્યુરિટી' નામની ખાનગી એજન્સીના માણસો અને મશીનરી હાજર હતા. ત્યાં AMCનો કોઈપણ અધિકારી કે કોર્પોરેશનની સિક્યુરિટી ટીમ હાજર નહોતી. આ ગંભીર બાબત ધ્યાને આવતાં AMC તંત્ર દ્વારા તપાસ ઝડપી બનાવવામાં આવી છે અને કોર્પોરેશનના નામનો દુરુપયોગ કરવા બદલ જવાબદારો સામે તુરંત પોલીસ ફરિયાદ નોંધાવવા માટે આદેશ આપી દેવામાં આવ્યા છે. દુકાનમાં કામ કરતા જીગ્નેશસિંહ પવારે વ્યક્તિએ જણાવ્યું હતું કે, પ્રણવ મોદી અને નંદીસ મોદી નામાના બે ભાઈની ચાની કીટલી અને પાનનો ગલ્લો હતો તેમાં હું કામ કરતો હતો. આજે સવારે આવ્યા ત્યારે પાનનો ગલ્લો અને કીટલી તૂટેલી હતી. સિક્યુરિટી એજન્સીના 15થી 20 બાઉન્સરો હતા અને ખાનગી જેસીબી મશીન દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું.

### ગોતાના સર્વિસ રોડ પરનો બનાવ

## કારચાલકે પૂરઝડપે એક્ટિવા સવાર 3 મિત્રને ઉડાવ્યા

અમદાવાદ

અમદાવાદના ગોતા રોડ પર 22 ઓગસ્ટે રાતના સમયે સર્વિસ રોડ પર એક્ટિવા પર આવતાં 3 મિત્રોને પૂરઝડપે એક કાર ચાલકે ટક્કર મારી હતી. કારચાલક ટક્કર મારીને સ્થળ પરથી જ નાસી ગયો હતો. અકસ્માતમાં એક્ટિવા પર જઈ રહેલા ત્રણેય મિત્રોને ઈજા પહોંચી છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. અકસ્માતના બીજા દિવસે પોલીસને જાણ થતા 24 કલાક બાદ ગુનો નોંધાયો છે.




ગોતામાં રહેતો શૈલેષ યાદવ કપડાંની દુકાન ચલાવે છે. 22 ઓગસ્ટે શૈલેષ અને મિત્ર શિવમ-વિપિન એક એક્ટિવા પર બેસીને છારોડીથી પરત આવી રહ્યા હતા. રાતે 12 વાગ્યે વોડાફોન ટાવર ગોતા રોડ પર એક્ટિવા લઈને સર્વિસ રોડ પરથી જઈ રહ્યા હતા, ત્યારે એક ફોર વ્હીલર પૂરઝડપે આવી રહી હતી. ફોર વ્હીલર ચાલકે પૂરઝડપે એકટીવાને આગળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય એક્ટિવા પરથી પટકાયા હતા.

અકસ્માતની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં અકસ્માત કરીને કાર ચાલક પૂરઝડપે નાસી જાય છે. અકસ્માતમાં શૈલેષ અને તેના મિત્ર વિપિનને ફ્રેક્ચર થઈ ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત 22 ઓગસ્ટે મોડી રાતે થયો હતો જેના સીસીટીવી પણ સામે આવ્યા હતા, પરંતુ એસ.જી. 1 પોલીસને અકસ્માતના બીજા દિવસ સુધી કોઈ જાણ જ ન્હોતી થઈ. પોલીસને બાદમાં જાણ થતા ઈજાગ્રસ્ત એક્ટિવા ચાલક સુધી પહોંચી હતી અને અકસ્માતના 24 કલાક બાદ ફરિયાદ નોધી છે. હવે ફરાર કારચાલક પકડાય છે કે કેમ જોવાનું રહ્યું.

### 8 શખસે વકીલ અને તેના પરિવારને ફટકાર્યા

## બહેરામપુરામાં કેમેરા લગાવવા બાબતે બે જૂથ વચ્ચે પથ્થરમારો





અમદાવાદ

અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં પોતાના ઘર તરફ કેમેરો ન લગાવવાનું કહેવા જેવી નજીવી બાબતે 8 શખસે વકીલ અને તેમના પરિવારજનો પર લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં 4 લોકોને ઈજા પહોંચી છે, તથા નજીકની દુકાન પર પથ્થરમારો કરી કાચ તોડી નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. બનાવ અંગે દાણીલીમડા પોલીસે સ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો.

બહેરામપુરામાં રહેતા અબ્દુલ અજીમખાન પઠાણ વકીલાત કરે છે. ગત 22 ઓગસ્ટે તેમના પડોશમાં ભાડે રહેતા સોહિલ શેખના ઘરે આવેલા કેટલાક શખ્સો વકીલનું ઘર દેખાય તે રીતે કેમેરો લગાવી રહ્યા હતા. વકીલે તે અંગે વિરોધ દર્શાવતાં તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. જોકે, આ જ વાતની અદાવત રાખીને ગત 23 ઓગસ્ટે રાત્રે વકીલ જ્યારે નાસ્તો લેવા બહાર નીકળ્યા ત્યારે આરોપીઓએ તેમની સાથે બળજબરી કરી અપશબ્દો બોલી મારપીટ શરૂ કરી હતી. વકીલના પરિવાર અને દુકાન પર પથ્થરમારો વકીલ બચવા માટે તેમના ભાઈ સમીરની દુકાનમાં સંતાઈ જતાં આરોપીઓએ દુકાન પર પથ્થરમારો કરી કાચ તોડી નાખ્યા હતા. બાદમાં વકીલ ઘર તરફ ભાગતા સોસાયટીના ગેટ પાસે અન્ય સાગરીતોએ ભેગા થઈ તેમને લાકડીઓથી ફટકાર્યા હતા. વકીલને બચાવવા માટે તેમનો પરિવાર વચ્ચે પડતાં આરોપીઓએ પરિવારજનો પર પણ ભારે પથ્થરમારો કર્યો હતો, જેમાં 4 સભ્યોને ઈજા થઈ હતી.

## રખિયાલમાં દેશી દારૂ ભરેલી રિક્ષાનો અકસ્માત: 57 લીટર દારૂ સાથે લોકોએ પીધેલા રિક્ષાચાલકને પકડીને પોલીસ હવાલે કર્યો

અમદાવાદ

ભાવનગર લઠ્ઠાકાંડ બાદ પણ બુટલેગરો બેફામ જોવા મળતા પોલીસનો ખોફ અને કામગીરી સામે સવાલો થઈ રહ્યાં છે. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલ અજીત મીલ ચાર રસ્તા પાસે મોડીરાત્રે દેશી દારૂ ભરેલી રિક્ષાના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતને પગલે ભેગા થયેલા લોકોએ રિક્ષામાંથી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડીને દારૂ પીધેલા રિક્ષાચાલકને પોલીસ હવાલે કર્યો હતો. બુટલેગરો બેફામ બનતાં સ્થાનિક પોલીસ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊભા થયા છે.

ગત 23 ઓગસ્ટના રોજ રાત્રે 11:15 વાગ્યા આસપાસ અજીત મીલ ચાર રસ્તા નજીક એક રિક્ષાચાલકે બેફામપણે વાહન ચલાવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. રિક્ષાચાલક ભારે નશાની હાલતમાં હતો અને રિક્ષામાંથી દેશી દારૂની તીવ્ર વાસ આવતી હતી. લોકોએ રિક્ષાની તપાસ કરતાં અંદરથી દારૂ ભરેલા કોથળા મળી આવ્યા હતા, જેથી તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.


ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે રિક્ષાચાલકની અટકાયત કરી રિક્ષામાંથી મળી આવેલા 3 મોટા પ્લાસ્ટિકના કોથળામાંથી 19 થેલીઓમાં ભરેલો કુલ 57 લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો.

### ફોટો વાઈરલ થતાં 'પતિરાજ'ની ચર્ચા ફરી ગરમ

## જમાલપુર વોર્ડ સમિતિની બેઠકમાં કાઉન્સિલરના પતિની હાજરીથી વિવાદ

અમદાવાદ

અમદાવાદના જમાલપુર વોર્ડની વોર્ડ સમિતિની માસિક બેઠકમાં કોંગ્રેસના કાઉન્સિલર નાઝનીન ઠાકોરના પતિ ડૉક્ટર વસીમ ઠાકોર હાજર રહેતા વિવાદ સર્જાયો છે. વોર્ડ સમિતિની બેઠકમાં નિયમ મુજબ કોર્પોરેશનના અધિકારીઓ અને મ્યુનિસિપલ કાઉન્સિલર સિવાય અન્ય કોઈ હાજર રહી શકતું ન હોવા છતાં વસીમ ઠાકોરની હાજરીનો ફોટો સામે આવ્યો છે. 21 ઓગસ્ટે દાણાપીઠ મધ્ય ઝોનની કચેરીના કોન્ફરન્સ હોલમાં મળેલી બેઠકનો ફોટો વાઈરલ થતાં જમાલપુર વોર્ડમાં કાઉન્સિલરના પતિના વધતા રાજકીય હસ્તક્ષેપને લઈને ચર્ચા ફરી શરૂ થઈ છે. 21 ઓગસ્ટે જમાલપુર વોર્ડના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં જમાલપુર વોર્ડ સમિતિની માસિક બેઠક યોજાઈ હતી. દાણાપીઠ મધ્ય ઝોન કચેરીના કોન્ફરન્સ હોલમાં યોજાયેલી



બેઠકમાં કોર્પોરેશનના અધિકારીઓ અને મ્યુનિસિપલ કાઉન્સિલરો હાજર રહ્યા હતા. જો કે, આ બેઠકમાં જમાલપુર વોર્ડના કોંગ્રેસના કાઉન્સિલર નાઝનીન ઠાકોરના પતિ ડૉ.વસીમ ઠાકોર પણ હાજર હોવાનું સામે આવ્યું છે. બેઠકનો ફોટો વાઈરલ થયા બાદ હવે નિયમ મુજબ તેઓ બેઠકમાં કેવી રીતે હાજર રહ્યા તે મુદ્દે સવાલો ઊભા થયા છે. વસીમ ઠાકોરનું વોર્ડ સમિતિની બેઠકમાં હાજરીનું આ પ્રથમ વખતનું પ્રકરણ નથી. અગાઉ પણ વોર્ડ સમિતિની બેઠકમાં હાજર થવા બાબતે તેઓ અને અધિકારી વચ્ચે બોલાચાલી થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રોટોકોલ મુજબ કાઉન્સિલર સિવાય અન્ય વ્યક્તિને બેઠકમાં પ્રવેશની મંજૂરી ન હોવા છતાં તેઓ બેઠકમાં જવા માગતા હતા અને 'હું કેમ ન જઈ શકું?' તેવો સવાલ કરીને અધિકારી સાથે બોલાચાલી કરી હતી. અગાઉ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મહિલા કોર્પોરેટર નાઝનીન ઠાકોરની વિસ્તારમાં સક્રિયતા અંગે ટિપ્પણી કરી હતી.

તેમણે મહિલા કોર્પોરેટર ચૂંટાઈ આવ્યા છે તો તેમને ફિલ્ડમાં મોકલવા જોઈએ તેવું કહ્યું હતુ. આ નિવેદનથી વસીમ ઠાકોર નારાજ થયા હતા અને મામલો ગરમાયો હતો. તે સમયે વસીમ ઠાકોરે આક્રોશ વ્યક્ત કરીને આગામી ચૂંટણી ભાજપ કે કોંગ્રેસ સિવાય અપક્ષ તરીકે લડવાની ચીમકી પણ આપી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI